બાલ કાલિદાસ.

મૂલ્ય પાંચ આના.

બાલકાલિદાસ

ભાગ પહેલો

રા. બ. જમિયતરામ ગૌ. શાસ્ત્રી બી. એ.

માજી એજયુકેશનલ ઇન્સ્પેકટરના

પ્રસ્તાવ સહિત

કર્તા

પ્રસન્નવદન છબિલારામ દીક્ષિત

આવૃત્તિ પહેલી

ઇ. સ. ૧૯૨૦ વિ. સં. ૧૯૭૬

આ પુસ્તક શા. ખુબચંદ અમીચંદના ધી સુરત
જૈન એન્જિન પ્રિન્ટિંગ પ્રેસમાં પ્રભુશંકર નરભેરામ
વ્યાસે છાપ્યું. ઠો. ખપાટીઆ ચકલા સુરત અને
રાજેંદ્રરાવ સોમનારાયણ બી. એ. એ
છપાવીને પ્રસિદ્ધ કર્યું.
ઠો. અંબાજી રોડ સુરત

પ્રસ્તાવ

કવિકુલશિરોમણિ મહાકવિશ્રી કાલિદાસનાં કાવ્યો પૈકી રઘુવંશ તથા કુમારસંભવ પ્રખ્યાત છે. બન્ને કાવ્યોની ભાષા અને વિચાર ઉત્તમ, કોમળ, મધુર અને રસથી ભરપૂર છે પરંતુ મનુષ્ય જાતિની જીંદગી ટુંકી અને વાંચવાનું પુષ્કળ છે તેથી કોઇ પણ પુસ્તકનો સારાસાર સમજી લેવા પ્રયત્ન કરવો એ સ્તુત્ય છે. વધુમાં સંસ્કૃતથી બિનમાહિતગાર વિદ્યાર્થીને એકલો તરજુમો ઘણી વખતે નીરસ અને બોજારૂપ થાય છે એથી કરી તે લેખકોની ઉત્તમ પ્રસાદી જુદી પાડી વાચકવર્ગ રૂબરૂ રજુ કરવામાં આવે તો તે પ્રયત્ન આશીર્વાદરૂપ ગણાય.

આ લઘુ પુસ્તક પણ એક એવા પ્રકારનો પ્રયત્ન છે. કવિરાજના રઘુવંશ તથા કુમારસંભવમાંના વચનામૃતોનો તેમાં સંગ્રહ છે. લેખકે સારી મહેનત કરી તેમાંથી સારાસારા ફકરાઓની ચુંટણી કરી છે, અને તેનો ભાવાર્થ બહુ સારી રીતે સમજાવ્યો છે, તેથી આખું કાવ્ય વાંચવાનો પરિશ્રમ કરવો પડતો નથી અને કવિની બધી ખુબીઓ અલ્પાયાસે સમજી શકાય છે. કવિની વાણીમાં વ્યવહારોપયોગી અને નીતિની કેળવણીનાં વચનો ઘણાં આવે છે. તેવા કેટલાક ઉત્તમ વચનોનો પણ આ ગ્રંથમાં સમાવેશ કર્યો છે. ખાસ કરીને ઉચ્ચ નીતિજીવન ગાળનાર રઘુકુલતિલક શ્રીરામચંદ્રજીની ઘણી હકીકત રઘુવંશ મહા-

કાવ્યમાં છે. તે પૈકી પણ ઘણા ઉત્તમ વચનો લેખકે લીધા છે અને તે નાના બાળકોને ઘણાં ઉપયોગી થઇ પડે એવાં છે.

વળી અંગ્રેજી અને ગુજરાતી કહેવતો સાથે તથા કાલિદાસના બીજા ગ્રંથોમાં આવતા વિચાર સાથે મુકાબલે પડતા ફકરાઓ આપી લેખકે અર્થ સ્પષ્ટ કરવામાં ઘણી સારી મહેનત કરી છે. શ્લોકોનો તરજુમો કરવામાં તેમજ અર્થ સ્પષ્ટ કરવામાં ભાષા સરળ અને ટુંકી હોવાથી વાંચનારને કંટાળો આવે એમ નથી. ખાસ કરીને આ ગ્રંથ વાંચવો ઘણો બોધદાયક જણાશે અને જો તેઓ એક યા બે યા ત્રણ ફકરાઓ પ્રત્યેક દિવસે વાંચવાની ટેવ રાખશે તો તેઓનામાં ભવિષ્યના નીતિમાન નાગરિકના સુંદર સદ્‌ગુણોનાં બીજ નંખાશે. છેવટે જણાવવું જોઇએ કે કાલિદાસ જેવા મહાકવિનાં વચનોનો સંગ્રહ કરવાનું આ નૂતન કાર્ય લેખકે કર્યું છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. અને આશા છે કે જનસમાજ તરફથી જોઇતો આશ્રય તેમને મેળવવામાં મુશ્કેલી પડશે નહિ.

જ. ગૌ. શાસ્ત્રી
માજી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર
ઉત્તર વિભાગ.

પ્રસ્તાવના

આપણી ભાષામાં બાલસાહિત્ય ઘણું થોડું છે. ટુંક સમય થયાં એ દિશામાં જો કે કાંઇક કાંઇક પ્રયત્ન થઇ રહ્યો છે, તો પણ બંગાલી, મરાઠી, હિંદી આદિ ઇતર પ્રાન્તીય ભાષાના સાહિત્યના ભંડોળના પ્રમાણમાં, આપણી ભાષામાં એનો બહુધા અભાવજ છે એમ કહીએ તો તે ખોટું નહિ ગણાય. વાર્તારૂપે બાલકોને સદ્‌બોધ આપવાનો સ્તુત્ય પ્રયાસ પ્રચારમાં છેજ, પરંન્તુ ઉત્તમોત્તમ કવિના નીતિમય સદુપદેશના સિદ્ધાન્તરૂપ સારગર્ભ સૂત્રો તથા કહેવત જેવા થઇ પડેલા શીખામણ લેવાલાયક ફકરાઓને તારવી કાઢી, તેમનો સંગ્રહ કરી, એક જથ્થે તેગને પુસ્તકના આકારમાં ગોઠવવામાં આવ્યો હોય એવું ભાગ્યેજ જોવામાં આવશે. બલકે એવી જાતનું એકે પુસ્તક અમારા જોવામાં તો અદ્યાપિ પર્યંત આવ્યું નથી. કવિનું કામ કાંઇ કેવળ વાચકવૃન્દના ચિત્તરૂપી ચિત્રપટ ઉપર સમાજનું મનમાન્ય ચિત્ર ચીતરવામાંજ સમાપ્ત થઈ જતું નથી. તેમજ કેવળ મનસ્વી તરંગોના બુટ્ટા ઉઠાવ્યાં કરી કપોલકલ્પિત કલ્પનાના ઘોડા દોડાવ્યા કરવામાંજ કવિએ પોતાની ઇતિકર્ત્તવ્યતા સમજવાની નથી. કવિનું કાવ્ય તો એક એવા પ્રકારનું દર્પણ છે કે જેમાં વાચક સમાજની સામયિક સ્થિતિનું માત્ર પ્રતિબિંબજ નહિ પરંન્તુ પોતાના જીવનનો આદર્શ પણ જોઇ શકે. ઉત્તમ

કવિ તો તેજ કહેવાય કે જેના કાવ્યમાંથી કાંઇને કાંઇ પણ અનુકરણીય આદર્શરૂપ નીતિસિદ્ધાન્તો પ્રતિપાદન કરેલા હોય એવા કવિનું કાવ્ય આબાલવૃદ્ધ સર્વને નીતિમય સન્માર્ગનો સદુપદેશ કરનાર નિઃશંક એક દીવાદાંડીરૂપજ થઇ પડે છે. સંસ્કૃત ભાષાનું જે ગૌરવ અત્યારે સર્વત્ર સુપ્રસિદ્ધ થઇ રહ્યું છે, તે ગીર્વાણ ગિરાના અગ્રગણ્ય સેનાના સર્વોત્કૃષ્ટ કવિકુલગુરુ કાલિદાસનાં કાવ્યો ઉપર્યુક્ત નિયમનાં ખાસ દૃષ્ટાન્તરૂપ હોવાથી આ પુસ્તકમાં તેમના રઘુવંશ, કુમારસંભવ તથા મેઘદૂત નામના ત્રણ કાવ્યોમાંથી સદુપદેશાત્મક આદર્શ સિદ્ધાન્તરૂપ સારગર્ભ સૂત્રો તથા કહેવત જેવાં થઇ પડેલાં સુવચનોને માંખણની પેઠે તારવી કાઢી તેમનું સમર્થન કરવાના હેતુથી ટુંક વિવેચન સહિત અનુરૂપ ભાવ (Parallel idea) દર્શાવનારાં ઇંગ્રેજી, ગુજરાતી આદિ ભાષાનાં કહેવતરૂપ સુવચનો પણ પુષ્ટિમાં મુકવામાં આવ્યાં છે. આશા છે કે તેથી કરીને કાલિદાસનાં કહેવતરૂપ સુવચનોની મતલબ વધુ સરળ થવા છતાં, તેમાંના સારની અસર તો સચોટ અને સંગીન થયા વિના રહેશે નહિ. જેમને માટે આ પુસ્તકની રચના થઇ છે, તેમને જો આ પુસ્તક ઉપયોગી થઇ પડશે તો કર્તા પોતાના શ્રમને સાર્થક થયો સમજી એ દિશામાં કાંઇક વધુ સેવા કરવા ઉત્તેજિત થશે.

ગુજરાતી ભાષામાં, આવા પુસ્તકની ખોટ હોવા વિષે મેં આગળ કહેલુંજ છે. પરન્તુ હિન્દીમાં, 'કાલિદાસકી કહાવતેં,' એ નામનું રૂપનારાયણ પાણ્ડેયે રચેલું, તથા ઇન્ડિયન પ્રેસ, પ્રયાગ દ્વારા પ્રકાશિત થયલું મારા જોવામાં આવ્યું છે. અને અહિં મારે નિખાલસપણે જણાવવું જોઇએ કે એ પુસ્તકેજ મને આપણી ભાષામાં, આવા પ્રકારનાં પુસ્તકની ખોટનું ભાન કરાવી, આ પુસ્તક રચવા સુચવ્યું છે. અને તેથી તેટલે અંશે એમનો પણ હું ઋણીજ છું. આ પુસ્તકમાં કાલિદાસનાં કાવ્યોમાંથીજ સુવચનોનો સંગ્રહ કર્યો છે. એમણે રચેલાં નાટકોનાં સુવચનોનો સંગ્રહ બીજા ભાગમાં પ્રકાશિત થશે.

છેવટે મારે આ પુસ્તકના પ્રકાશક શ્રીમાન્ રાજેન્દ્રરાવ સોમનારાયણ દલાલ જેઓ મારા સગા થાય છે તેમનો જાહેર ઉપકાર માનવાની તક ગુમાવવી ના જોઇએ. આવાં કાર્યો પ્રોત્સાહન વિના થતાં નથી. એમણે જો ઉદાર બુદ્ધિથી આ પુસ્તક સત્વર પ્રકટ કરવાનું હોંસભેર માથે લીધું ના હોત તો આ પુસ્તક કયારે પ્રકટ થાત તે મારાથી કહી શકાતુ નથી, માટે એના સંભાવનાગુણનો સહ્રુદય જેટલો હું આભાર માંનું તેટલો થોડોજ ગણાશે.

આમલીરાન, સુરત } પ્રસન્નવદન છબિલારામ દીક્ષિત

બાલકાલિદાસ.

રઘુવંશ.

(પ્રથમ સર્ગ)

(૧) (સ. ૧; શ્લો. ૧૦.)

સોનું ખરૂં છે કે ખોટું છે, તેનો નિર્ણય, તેને દેવતામાં તપાવવાથીજ થઈ શકે છે. અહિં કવિની મતલબ એ છે કે કોઈ પ્રાણી કે પદાર્થના સારાનરસાપણાનો નિર્ણય, તેની સખ્ત કસોટી કર્યા વિના થતો નથી. અત્રબત્ત પ્રસંગ આવ્યે ગુણદોષની યોગ્ય પરીક્ષા થતાં, મનુષ્ય પોતાનું અસલ પ્રોત પ્રકાશે છે, અને ત્યારેજ તેની ઉત્તમતા કે અધમતાનું યથાર્થ ભાન થઈ શકે છે.

(૨) (૧; ૬૯)

શુદ્ધ વંશનાં સંતાન, આ લોક તેમજ પરલોકમાં ઉભય લોકમાં કલ્યાણનું કારણ થઇ પડે છે. અર્થાત્ ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયલી, એવી જે કુળવાન ઉમદા સંતતિ છે, તે સારાં કામ કરી આ લોકમાં પણ બાપદાદાનું નામ વધારે છે; અને પોતાના સદાચરણ વડે પરલોકમાં પણ તેમનાં અંતઃકરણને ઠારે છે.

(૩) (૧; ૭૯)

માન આપવા યોગ્ય મહાપુરુષોનું યોગ્ય સન્માન નહિ કરવાથી, કલ્યાણના માર્ગમાં ખલેલ પહોંચે છે. અહીં ભાવાર્થ એ છે કે, જે મંગલની કામના રાખવાવાળા છે; તેમણે કદીપણ પૂજનીય પુરૂષોનો અનાદર કરવાનું સાહસ નહિ કરવું.

(દ્વિતીય સર્ગ)

(૪) ૨; ૩૪)

વાયુનો વેગ એટલો બધો જબરો હોય છે કે તે ભલભલાં ઝાડોને ઉખેડી ઉખેડીને દૂર ફેંકી દઈ શકે છે; પરંતુ પહાડની આગળ તેનું કાંઈ વળતું નથી, તેથી ત્યાં આગળ તે લાચાર થઇ જાય છે તાત્પર્ય એ છે કે કોઇ ગમે તેટલી શક્તિ ધરાવનારો મનુષ્ય હશે, પણ પોતાથી અધિક શક્તિમાન કોઇ માથાનો મળ્યો, એટલે તેની આગળ તેનું કાંઇ પણ ચાલી શકશે નહિ. કહેવત છે કે 'શેરને માથે સવાશેર હંમેશાં હોય છે.'

(૫) (૨; ૪૦)

જેનું રક્ષણ કરવાનો બોજો આપણે શિર છે તેવાનું રક્ષણ શસ્ત્ર વાપરવા છતાં પણ થઇ શકતું ન હોય, તો તેમાં તે શસ્ત્ર ધારણ કરનારાએ શરમાવા જેવું કાંઇ નથી.

નીતિશતકમાં પણ કહ્યું છે કે મહેનત કરવા છતાં પણ કાર્ય જો સફળ ન થતું હોય તો, તેમાં કોઇનો પણ દોષ કાઢી શકાય તેમ નથી.

(૬) (૨; ૫૦)

પૂરેપૂરી આબાદી ભોગવતું રાજ્ય ઇન્દ્રપદની સમાનજ ગણાય છે. તફાવત માત્ર એટલોજ છે કે તે પૃથ્વીપર છે અને ઇન્દ્રનું સ્વર્ગમાં છે.

(૭) (૨; ૫૩)

શત્રુના ઘામાંથી (વિપત્તિમાંથી) જે નિર્બલને બચાવે છે તેનેજ ક્ષત્ર કહે છે. 'ક્ષત્ર' શબ્દનો એજ અર્થ દુનીઆમાં બધે પ્રસિદ્ધ છે. જે ક્ષત્ર અર્થાત ક્ષત્રિય એ અર્થથી વિરૂદ્ધ (ઉલટું) આચરણ કરે છે, એટલે કે નિર્બલને વિપત્તિમાંથી બચાવવાની પોતાની ફરજ બજાવતો નથી, તેનું રાજ્ય અગર નિન્દામલિન જીવતર શા ખપનું છે? અહિં કવિનો આશય એવો છે કે પોતાનું નિર્બલનું રક્ષણ કરવાનું કર્ત્તવ્ય છોડી દઈ કેવળ રાજપાટનું સ્વાર્થી સુખ ભોગવવામાં ગુલતાન બનેલો ક્ષત્રિય રાજા કોઇ ઉત્પન્ન થશે, અને એવો પિંડ પોષનાર રાજા, ઘણા દિવસ સુધી રાજ્ય કરશે, તો તેથી તેની પ્રજાને શું સુખ કે લાભ થવાનો હતો? એવા રાજાની પ્રજાને તો સદા દુઃખજ હોવાથી, તેનો ઉક્ત પ્રકારનો નિન્દિત રાજ્યભોગ તથા ક-

વાંકિત જીવન, એ બેઉ એક સરખાં નકામાંજ ગણવાનાં. પોતાના શાકુન્તલ નામના નાટકમાં કાલિદાસે એજ આશયને લઇને કહ્યું છે કે "आर्त्तत्राणाय वः शस्त्रं नप्रहर्तुमनागसि।" તમારૂં રાજાઓનું શસ્ત્ર દુખીયારા બલહીન લોકોનું રક્ષણ કરવા સારૂ છે; તેટલા પુરતોજ, તમારે રાજા લોકોએ શસ્ત્ર વાપરવાનો શ્રમ વેઠવાનો છે; નિર્દોષ બીનગુનેહગારનો વગર કારણે વાંસો ભાંગવાની મજા મેળવવા માટે કાંઈ શસ્ત્રનો ઉપયોગ કરવાનો નથી.

૮) (૨; ૫૬)

જેના રક્ષણનો બોજો પોતાને શિર છે, એવી રક્ષણ કરવા યોગ્ય વસ્તુનો પોતે એક પણ ઘા ખમ્યા વગર, પોતાની નજર આગળ નાશ થયેલો દીઠા પછી નોકરને શેઠની આગળ પોતાનું વ્હીલું મોઢું બતાવવું બહુ વસમું થઈ પડે છે.

(૯) (૨; ૫૬)

સજ્જનોનું કહેવું એવું છે કે વિદ્વાન્ વર્ગમાં તો વાતચીત થવાથીજ, પરસ્પર (એકબીજા જોડે) મિત્રતાનો સંબંધ બંધાય છે, કાલિદાસે કુમારસંભવ નામના પોતાના કાવ્યમાં એજ આશયનું સમર્થન કરતાં કહ્યું છે કે, એકબીજા જોડે સહેજ વાર્તાલાપ થયાથી, અગર સાત ડગલાં સાથે ચાલ્યાથી, સજ્જનોનો પરસ્પર સ્નેહ જોડાય છે.

(તૃતીય સર્ગ.)

(૧૦) (૩, ૨૮)

સારાં કામને સારૂ કરેલો શ્રમ હંમેશ સફળજ થાય છે, તે કદિ પણ વ્યર્થ (નકામો) જતો નથી. ભગવદ્ ગીતામાં પણ એજ મતલબથી કહ્યું છે, કે " સારાં કા કરનારની કદિ પણ દુર્દશા થતી નથી; તેને તો હંમેશ સારૂં ફળજ મળે છે. વળી કુમારસંભવમાં કાલિદાસે કહ્યું છે કે સારાં મોટાં કામમાં આરંભમા ઘણી મહેનત પડતી હોવાથી, પહેલાં તો તે દુઃખદાયક લાગે છે, પરં પરિણામે, ફલ પ્રાપ્ત થાય ત્યારે, અગાઉના સઘળા થાક દૂર કરી, ત્રાસ અને તકલીફના બદલા તરીકે સુખ અને આનંદ આપીને, અગાઉની તે મહેનત, નવુંજ રૂપ ધારણ કરે છે. આપણામાં કહેવત છે, કે " ચાકરી કરે તે ભાખરી પામે " અંગ્રેજીમાં પણ કહેવત છે કે ' મહેનત વગર કાં લાભ મળવાનો નથી. '

(૧૧)

સર્વ સાધારણ ને સારો બોધ (સારી સલાહ) આપનારા મોટા માણસો, પોતે જાતે કદિ મેલા મનના અને નીચ બુદ્ધિવાળા લોકોના જેવું વર્તન રાખતા નથી. અહ કવિની મતલબ એ છે કે, જન સમાજ જેમને અનુકરણ કરવા યોગ્ય તથા આદર્શરૂપ સમજે છે, એવા મહાપુરૂષે

કદિ અઘટિત આચરણ રાખી ઉદ્ધતાઈથી સ્વચ્છંદપણે વર્તતા નથી. તેમનાં આચરણ તો બીજાને દ્રષ્ટાન્તરૂપ, દીવાદાંડી જેવાં હોવાથી ખાસ કલંક રહિત અને ખામી વિનાનાંજ હોવાં જોઇએ. કેમકે ભગવદ્ગીતામાં કહ્યું છે કે સર્વ સાધારણ પુરૂષો શ્રેષ્ઠ પુરૂષ જેવુંજ પોતાનું વર્તન રાખવાનો પ્રયત્ન કરે છે. અને તે શ્રેષ્ઠ પુરૂષ જે આચરણને પ્રમાણભૂત અર્થાત્ વ્યાજબી કે યોગ્ય ગણે છે, તે પ્રમાણેજ બીજા બધા લોકો વર્તવાનું પસંદ કરે છે.

(૧૨) ૩, ૪૮)

જેને મન યશજ પોતાનું સર્વસ્વ છે, એટલે કે જેમને બીજી બધી વસ્તુ કરતાં પોતાની આબરૂ (ઈજ્જત) વધારે વહાલી છે, એવા પુરૂષોએ પોતાના એ યશરૂપી ધનનું, સૌથી પહેલું દુશ્મનોથી રક્ષણ કરવાનું છે. અહીં તાત્પર્ય એ છે કે આબરૂનેજ પોતાની બધી દોલત માનતા હોય એવા સજ્જનોએ સદા ચેતતા રહી, પોતાની બદબો કરવા સારૂ શત્રુને કાંઇ પણ બ્હાનાં ન જડી શકે, તેની ખાસ કાળજી રાખવી ઘટે છે. શત્રુ પોતાની ગેરઆબરૂ કરી ન શકે તેટલા માટે, પહેલેથીજ સાવધ રહી, સારા સમજુ લોકોએ સંભાળપૂર્વક વર્તન રાખવાની જરૂર છે. કેમકે ભર્તૃહરિના કહેવા પ્રમાણે અપયશ એજ મૃત્યુની ગરજ સારે છે.

(૧૩)

મનુષ્યના ગુણુ બધી જગાએ પોતાનો પગ પેસારો કરી શકે છે. અર્થાત્ ગુણુવાન માણુસ જયાં જાય છે, ત્યાં તેને યોગ્ય માન મળ્યા વિના રહેતું નથી. સદ્ગુણુ એજ મોટામાં મોટું મનુષ્યનું ભૂષણુ હોવાથી, સુશીલ ગુણી જનની જગત્માં બધેજ જીત થાય છે.

(ચતુર્થ સર્ગ)

(૧૪) ૪, ૬૪

મોટા માણસોના ગુસ્સાનું ઓસડ નરમાશ છે. નમ્રતાથી પગે પડયા એટલે, તેમનો ક્રોધ ઝટ શાંત થઇ જવાનો. અહીં કવિનો આશય એ છે કે મહાપુરૂષો કદિ વેરીલા કે ઝેરીલા નહિ હોવાથી, દૂધના ઉભરાની પેઠે, તેમનો ગુસ્સો ઝાઝો વખત ટકતો નથી. આગળ રઘુવંશના સોળમા સર્ગમાં કહ્યું છે કે સજ્જનોનો નમ્ર મનુષ્યના ઉપર ઝાઝો વખત ક્રોધ રહેતો નથી.

(૧૫) ૪, ૮૬

વાદળાંની પેઠે સજ્જનોનું એકની પાસેથી કાંઇ લેવાનું થાય છે, તે બીજાને આપવા સારૂજ છે, તેટલા પૂરતુંજ છે. અહીં ભાવાર્થ એવો છે કે, જેમ વાદળાં સમુદ્ર પાસેથી પાણી લઇ વરસાદરૂપે પાછું જે આપણુને આપી દે છે,

તેજ પ્રમાણે સજ્જન લોકો પણ બીજા કનેથી કાંઇ માંગે છે તેનો ઉપયોગ, તેઓ પોતાની જાતને માટે નહિ પણ, બીજાના ભલા માટેજ કરે છે. કહ્યું છે કે નદી. ઓ પણ પોતાનું પાણી પોતે જાતે કદિ પી જતી નથી; વાદળાં પણ તેજ પ્રમાણે પાણીનો કદી પોતાની જાતને સારૂ ઉપયોગ કરતાં નથી; કારણ કે પોતાના સ્વાર્થને વીસારી દઇ, કેવળ પરોપકાર કરવામાંજ, સજ્જનોની શ્રેષ્ઠતા સમાયલી છે.

(પંચમ સર્ગ)

(૧૬) (૫, ૨૩)

સૂર્ય તપી રહી, પૂરેપુરો પ્રકાશી રહ્યો છે, એવી દશામાં અંધકાર શી રીતે લોકોની નજરને ઢાંકી શકવાનો હતો? શાકુન્તલમાં પણ એજ ભાવનું જુદા શબ્દોમાં પ્રતિપાદન કરતાં કહ્યું છે કે, ' સૂર્ય પ્રકાશતો હોય છે, તે વખતે એકાએક અંધારૂં શી રીતે થઈ જવાનું હતું? બંને જગાએ કવિની મતલબ એજ છે કે જેમ જ્યાં સુધી સૂર્ય પ્રકાશે છે ત્યાં સુધી તાકાત નથી અંધકારની કે લોકોને હેરાન કરી શકે, તેજ પ્રમાણે, જ્યાં સુધી પ્રતાપશાલી રાજાનો સુખકારી રાજ્યઅમલરૂપી પ્રકાશ પૃથ્વી ઉપર પ્રસરી રહ્યો છે, ત્યાં સુધી તેની પ્રજાને કોઈપણ પ્રકારના આફતરૂપી અંધકારનો ત્રાસ કદી થશેજ નહીં. અર્થાત્

પરાક્રમી રાજાની પ્રજાને કોઈ જાતનું દુઃખ કદી હોતુંજ નથી. એવા રાજાની પ્રજા તો સદા સુખીજ હોય છે.

(૧૭) પ, ૧૭

પાણીની વૃષ્ટિ કરી કરીને, થાકી ગયલાં શરદ્‌ના વાદળાંને સારૂ, ચાતક પક્ષી પણ કદી ગર્જના કરતો નથી, કે ઇચ્છા રાખતો નથી. અહીં ભાવાર્થ એ છે કે પોતે ગરીબ હોવા છતાં પણ સમજુ લોકો દાન કરી કરીને કંગાલ બની ગયલા દાનેશ્વરી પાસે નાહક માંગ માંગ કરી, તેને નકામો ત્રાસ પહોંચાડતા નથી.

(૧૮) (પ. ૫૪)

અગ્નિ કે સૂર્યનો તાપ લાગ્યાથી, પાણી ભલે કોઇ વાર ગરમ બની જાય; પરંતુ તેથી કાંઇ ઠંડાપણાનો (શીતલતાનો) તેનો કુદરતી મૂળ સ્વભાવ બદલાવાનો નથી. કારણ કે મૂળથીજ ઠંડા હોવું, એ તેની પ્રકૃતિ છે; અને ગરમ થવું, એ તો એક માત્ર વિકૃતિ (ફેરફાર) છે. અહીં કવિ એમ કહેવા માંગે છે કે, મોટા માણસોનો સ્વભાવ હંમેશાં શાંતજ રહે છે. કોઇ પ્રસંગે કાંઈ કારણને લીધે તેમને કોઇ કોઇ વાર ક્રોધ ચઢે છે ખરો; પણ તરતજ દૂધના ઉભરાની પેઠે, થોડીવારમાંજ, તે શમી જતો હોવાથી, એવા મોટા માણસનામાં કદી તે ઘેલછાભર્યો અવિવેક ઉત્પન્ન કરતો નથી.

(૧૯) (૫; ૩૭)

દીવો જેમ પોતાને ઉત્પન્ન કરી, પ્રકાશમાં આણનાર, પોતાના કારણરૂપ, અસલ દીવાથી વસ્તુતઃ જુદો હોતો નથી, તેજ પ્રમાણે, તે બાળક, પોતાને ઉત્પન્ન કરનારા પોતાના પિતાથી જરાએ જુદો પડતો ન હતો.

'બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા' એ ગુજરાતી કહેવત પણ એજ આશયનું ભાન કરાવે છે.

ષષ્ઠ સર્ગ.

(૨૦) (૬; ૨૨)

નક્ષત્ર તારાગણ, તથા ગ્રહો વગેરેથી ભરપૂર હોવા છતાં પણ, ચંદ્રમાવડેજ રાત્રિ તો ઉજળી દેખાય છે. કવિની અહીં મતલબ એ છે કે, નાના નાના રાજા, ઠાકોર ઠકરાં કે ભાયાત જાગીરદાર ભલે હોય; તેમનાથી પૃથ્વીનું કદિ રક્ષણ નહીં થઈ શકતું હોવાથી, પૃથ્વીને સનાથ કરવા સારૂ સમ્રાટ છત્રપતિ રાજાની ખાસ જરૂર રહે છે.

(૨૧) (૬; ૩૦)

દરેક માણસની રુચિ (પસંદગી) એક બીજાથી હંમેશાં જુદાજ પ્રકારની હોય છે. કહેવત છે કે, 'કપાળે કપાળે જુદી જુદી મતિ.' આપણને જે અમૃત જેવું જણાતું હોય તે બીજાને કદાચ કડવું ઝેર જેવું લાગી શકે. પ્રખ્યાત

ઇંગ્રેજી લેખક મૅાલે કહે છે કે, "Minds differ as rivers differ." અર્થાત નદીઓ જેમ એક બીજાથી જુદી પડે છે, તેમ મનુષ્યનાં મન પણ ભિન્ન ભિન્ન પ્રકારની વલણુ પકડે છે.

(૨૨) (૬; ૧૯)

ફળફુલથી ઝુકી રહેલો આંબો પોતાને મળ્યા પછી, ભમરાનાં ઝુંડને બીજા કોઈ ઝાડ પર આશ્રય લેવાનું મન થતું નથી. અહીં ભાવાર્થ એવો છે કે સૌથી ચઢીયાતી વસ્તુ આપણા હાથમાં આવ્યા પછી, બીજી કોઇ વસ્તુ મેળવવા તરફ આપણું મન કદી દોડશે નહીં. માણસનો સ્વભાવજ એવો છે કે મનમાન્યો આશ્રય મળ્યા બાદ, બીજા કોઈનો આશ્રય લેવાની તેને કદિ ઝંખના થશેજ નહીં.

(૨૩) (૬; ૭૯)

મણિનો સોનાની સાથે સમાગમ થવા દો. તાત્પર્ય એ છે કે લાયક મનુષ્યનો પોતાના જેવીજ યોગ્યતા ધરાવનારા સાથેનો સંબંધ, સોનામાં સુગંધની પેઠે સર્વ પ્રકારે દીપી નીકળ્યા વગર રહેતો નથી.

(અષ્ટમ સર્ગ)

(૨૪) (૮; ૪૦)

આવરદા (આયુષ્ય) બાકી રહ્યું હોય છે, તોજ ઓસડ વગેરે ઉપચારોની કંઇક અસર થઇ શકે છે. ભાવાર્થ એ

છે કે, જીંદગીની દોરી તુટી હશે તો દવા દારૂ આદિ લાખો ઉપાયો કરી, દોડધામ કરી મુકવા છતાં, તેમાંથી કશુંએ વળવાનું નથી. ગુજરાતી ભાષામાં તેથી કહેવત થઇ પડી છે કે, 'જયાં સુધી શ્વાસ ત્યાં સુધી આસ.'

(૨૫) (૮; ૪૩)

કઠણમાં કઠણ લોઢું પણ તાપ લાગવાથી, પીગળી જઈ, નરમ માખણ જેવું બને છે. જડ વસ્તુની જયારે આવી દશા થાય છે, તો પછી આપણાં જેવા ચેતન મનુષ્યોની શી વાત કરવી? અહીં મતલબ એ છે કે, ચેતન વિનાની જડ વસ્તુ પણ તાપવડે તપીને નરમ બની જાય છે, તો જેને જીવ છે એવા આપણા જેવા માણસો સ્વાભાવિક રીતેજ દુઃખાદિથી પરિતપ્ત થતાં આકુળ વ્યાકુળ થઇ જવાનાજ.

(૨૬)

ઈશ્વરની ઇચ્છા હોય છે, તો હળાહળ ઝેર પણ કોઇ વાર અમૃતસમાન બની જાય છે; અને તેજ પ્રમાણે, માલીકની મરજી થતાં ખરેખરૂં અમૃત પણ ઝેરનીજ ગરજ સારે છે. અહીં તાત્પર્ય એ છે કે સર્વ કાંઇ ઇશ્વરની સત્તા ઉપરજ આધાર રાખતું હોવાથી, દેખીતી બુરાઇની સારી અસર થઈ, આશીર્વાદના જેવીજ તે ફળે છે; અને અને ઉપલકીયા દૃષ્ટિથી દેખાતી ભલાઈની શાપના જેવીજ ભયંકર અસર થાય છે. હંમેશા ધાર્યું ધણીનુંજ થાય છે.

(૨૭)

દેહધારી પ્રાણીઓની, એવા પ્રકારની, અર્થાત્ હમણાં જીવિત અવસ્થામાં, સુખ ભોગવી રહ્યાં છે, અને ઘડી પછી આંખ મીંચતાં વારને, સર્વ હતું ન હતું થઇ જાય છે, એવી ક્ષણિક અસારતાને ધિક્કાર છે!

(૨૮) (૮; ૮૩)

રાજા લોકોની ખરી આ પૃથ્વીજ છે. અહીં કવિની મતલબ એ છે કે, રાજાઓએ તો પોતાની સ્ત્રીના કરતાં પણ પૃથ્વી એટલે પોતાના રાજ્યની વિશેષ કાળજીપૂર્વક સંભાળ લેવી જોઈએ.

(૨૯) (૮; ૮૫)

પરલોકવાસી પ્રાણીઓની ગતિ પોતપોતાના કર્મ પ્રમાણે જુદાજુદા માર્ગમાંજ થયા કરે છે. અહીં તાત્પર્ય એ છે કે, પોતીકા માણસનું મોત થયે તેને મળવા અધીરા બની, તેની પાછળ જીવ આપવાની મૂર્ખાઇ કરવી ના જોઈએ; કેમકે મરી ગએલા માણસનો મેળાપ કદિ થઇ શકતો નથી.

(૩૦) (૮; ૮૬)

લોકો કહે છે કે ઘણાજ ભારે શોકથી કલ્પાન્ત કરી રહેલાં સગાંસંબંધીઓનાં આંસુ, પ્રેત એટલે મરી ગયલા માણસને બાળે છે. મતલબ એ છે કે પોતીકું માણસ

મરી જાય એટલે તેની પાછળ રોવાકુટવાની ઘેલછા કરવાથી, જેની લાગણીને લીધે આપણે એવી રડવા કુટવાની ઘેલછા કાઢીએ છીએ, તેથી તે પ્રાણીજ ખુદ દુઃખી થાય છે. આવુ' શાસ્ત્રમાં કહ્યું છે, માટે રોવાકુટવાના ખરાબ રીવાજને અટકાવ કરવાની ખાસ જરૂર છે.

(૩૧) (૮; ૮૭)

મરવું એ તો માણુસ જાતનો ખાસ કુદરતી સ્વભાવ છે; પરંતુ જીવતા રહેવું એ કુદરતથી ઉલટું હોવાથી, વિકૃતિ અર્થાત્ ફેરફાર છે. અહીં બોધ એ લેવાનો છે કે મોતથી કદિ પણ ડરવું નહીં જોઇએ. મોત તો હરેક ક્ષણે માનવીના માથા પર ઝઝુમી રહ્યું છે. જીવતાં કેમ રહી શકાય છે તેનીજ એક માત્ર નવાઇ છે.

(૩૨)

પોતાનું શરીર, અને તેમા રહેલો એવો જે આત્મા એ બન્નેને એક બીજાનો સંયોગ અને વિયોગ થાય છે. એ વાત બધાના જોવા, જાણવામાં તથા અનુભવવામાં આવી રહેલી છે. તો પછી કયો ડાહ્યો વિવેકી માણુસ પોતાની જાતથી (પોતાના જીવથી), સ્ત્રી, પુત્ર, મિત્ર વગેરે જેઓ તદ્દન જુદા છે, એવા બહારની (પોતાને લગતાં નહિ) બાબતના વિયોગને સારૂ કોણુ શોક કરી શકે તેમ છે? મતલબ કે પોતાનુંજ શરીર જ્યારે છે એવું ને એવું

સદાકાળ (મૂળસ્થિતિમાં) કદિ રહી શકતું નથી, અર્થાત્ પોતાનીજ જીંદગીનો જયારે કોઈને ભરોંસો રહી શકતો નથી, તો પછી બીજાના મરણને સારૂ શોકસંતાપ કરવાની શી જરૂર છે?

(નવમ સર્ગ)

(૩૩) (૯; ૭૪)

કોઇકોઇવાર ભલભલા જ્ઞાની લોકો પણ રજોગુણથી એટલે વાસના (ઇચ્છા) વડે વિવેકબુદ્ધિ પર પડળ બાઝી જવાથી, નઠારા માર્ગ તરફ ઘસડાઇ જાય છે. કહેવત જાણીતીજ છે કે, "વિનાશકાળે વિપરીત બુદ્ધિ." સોનાના હરણ નો કદી જન્મજ ના હોઈ શકે. એ વાત જાણવા છતાં એ રામચંદ્રજીને સુવર્ણ મૃગને માટે મોહ થયો હતો. જયારે આપત્તિનો સમય પાસે આવ્યો હોય છે, ત્યારે જ્ઞાનીમાં જ્ઞાની માણસની પણ બુદ્ધિ બહેર મારી જાય છે. ગુજરાતી છઠ્ઠી ચોપડીમાં પણ કવતા છે કે, "તેને સુઝે અવળુંજ જેને દુર્દશા શિરપર ફરે."

(૩૪) (૯; ૮૦)

ખેતરમાં લાગેલી આગ, જો કે ત્યાંની ધરતીને તો બાળે છે, પરન્તુ તેજ આગ પાછી તેને ફળદ્રુપ અને રસાળી બનાવી, તેની ઉત્પાદક શક્તિમાં ઉમેરો કર્યા વિના રહેતી નથી. મોટા માણસ અગર વડીલે કરેલી શિક્ષા, તે

સમયે તો કડવી ઝેર જેવીજ જણાય છે, પરન્તુ પરિણામે તે સુખકારકજ થઈ પડીને આપણું કલ્યાણ અવશ્ય કર્યા વિના રહેતી નથી. કહ્યું છે કે, "વડીલોનાં વજ્રમણુ જેવાં તિરસ્કારભર્યાં તીખાં તમતમાં બોધ વચનો (શીખામણુનુના શબ્દો) થી ઘડાઈ ઘડાઈને, આખરે માણસ, મોટાઈ મેળવવા ભાગ્યશાળી થઈ શકે છે.

(દશમ સર્ગ)

(૩૫) (૧૦; ૬)

કોઈ કામમાં કાંઈપણ ખલલ કે ભંગાણ પડવા દીધા વગર, ચીવટાઇથી તે કામ સતત ચાલુ રાખવું, એ તે કાય પાર પાડવાનું ખાસ લક્ષણ છે. કાલિદાસે આજ આશયથી કુમારસંભવમાં પણ કહ્યું છે કે, અવશ્ય કરવા લાયક, ફરજીઆત કામમાં, જરા પણ ઢીલ કે કંટાળો રાખ્યા વગર, એકદમ સ્પુર્તીથી તાબડતોબ તે કામ કરી દેવાથી જરૂર તે સફળ થાય છે, પાર પડે છે.

(૩૬) (૧૦; ૪૦)

હવા વગરકહયેજ પોતાની મેળે, અગ્નિનો સાથી બની, તેને સહાયતા (મદદ) કરે છે. કુમારસંભવમાં એજ મતલબને આરૂ પ્રશ્ન કર્યો છે કે; "વાયુને કોણ કહેવા જાય છે કે ભાઇ તું જઇને અગ્નિને મદદ કર" બન્ને કે-

કાણે કવિનો ભાવાર્થ એજ છે કે, સાચો સ્નેહી તો તેનુંજ નામ કે જે વગર કહ્યે, પોતાની મેળે, આપોઆપજ, પોતાની ફરજ સમજી, પોતાથી થઇ શકતી સર્વ મદદ કર્યાં કરે. સુભાષિત પણ કહે છે કે, "હાથ જેમ શરીરનું અને પાંપણુ જેમ આંખનું વગર કહ્યે, પોતાની રાજીખુશીથી કામ બજાવે છે, તે પ્રમાણે જે કહ્યા વગર પોતાની મેળેજ મિત્રને મદદ કરે, તેનેજ ખરો મિત્ર જાણવો.

(એકાદશ સર્ગ)

(૩૭) (૧૧; ૧)

પરાક્રમશાલી પુરૂષો માટે અવસ્થા અર્થાત ઉમ્મર, જાતિ વગેરેનો વિચાર કરવાનો નથી, મતલબ એ છે કે જે આગળ જતાં, મહાન્ કાર્યો કરી, નામના મેળવવાના છે, તેમના પરાક્રમનો ચમત્કાર પારણામાંથીજ પરખાઈ આવે છે. કહેવત છે કે, "પુત્રનાં લક્ષણ પારણામાં." અર્થાત નાની ઉમ્મરમાંથીજ, એવા પરાક્રમી પુરૂષો બહાદૂરીનાં કામો કરી બતાવે છે.

(૩૮) (૧૧, ૨૭)

મોટામોટા વિષધર નાગની ખબર લેનારો ગરૂડ, શું કદી પાણી માંહેનાં આપોળીયાંને છેડે છે ખરો કે? અહીં તાત્પર્ય એ છે કે, જે લોકો ખરેખરા પરાક્રમી છે, તે પોતાની બરોબરી કરનારા શત્રુ સામેજ ભીડયા રહે છે;

પોતાના કરતાં નાના અગર હલકા દરજ્જાના જે હોય છે, તેમના પર કદી પોતાનું જોર અજમાવતા નથી. આ સંબંધમાં સુપ્રસિદ્ધ કવિશ્રી નર્મદાશંકરની નીચેની કડીઓ જાણવાજોગ થઇ પડશે.

" સિંહણ સો લંઘા કરે, કદી ઘાસ નવ ખાય;
પતિવ્રતા ભૂખે મરે, પર પાસે નવ જાય. "

(૩૯) (૧૧; ૫૦)

પુણ્યાત્મા લોકો નામનો રથ, કલ્પવૃક્ષની પેઠે તરતજ ફળે છે તેમના સંકલ્પ સદા સત્યજ રહેતા હોવાથી, તેમની મનકામના અવશ્ય સિદ્ધ થયા વિના રહેતી નથી. વેદમાં પણ કહ્યું છે કે, અતિ ઉગ્ર પુણ્ય કે પાપનું ફળ, અહીંને અહીંજ, આજ દેહમાં મળી શકે છે.

(૪૦) (૧૧; ૭૫)

અગ્નિનો મહિમા એવો છે કે સુકું ઘાસ, અને સાગર જળ એ બન્ને, એને મન સમાન છે. બન્નેમાં તે એક સરખી રીતેજ બળ્યાં કરે છે. અર્થાત્ જેનામાં ખરી તાકાત છે એવો પુરૂષ તો જબરામાં જબરા શત્રુને પણ, સાધારણ બળહીન શત્રુ જેવો ગણી, ચપટીમાં, તેનો સહેજ પરાજય કરી શકે છે. તેનાથી ડરી જવાને બદલે, પળ વારમાં તેને પછાડી નાંખે છે.

(૪૧)

નદીના પવનના ઝપાટાથી જેની જડ ઉખડી ગઈ છે એવાં કિનારા પરનાં ઝાડને હલકી પવનની લ્હેર પણ ગબડાવી પાડવાની શક્તિ ધરાવે છે. અહીં ભાવાર્થ એ છે કે બીજાં ગમે તે કારણો વડે દુર્બલ બનાવી રહેલા શત્રુને ઘણીજ સહેલાઈથી ઝટ જીતી શકાય ને પંદરમા સર્ગમાં [રઘુવંશના) એ જ આશયથી કવિએ કહ્યું–છે કે " जयो रन्ध्रप्रहारिणाम् " અર્થાત્ શત્રુનું કોઇ છિદ્ર (પોલાણ) જોઈ તેની નબળાઇનો લાભ લઈ, એકાએક છાપો મારવાથી જરૂર તેનાપર જીત મેળવી શકાય છે.

(૪૨) (૩૩, ૯૦)

નવું વાદળું પોતે જાતેજ, એકલું હોવા છતાં ઘણું રમણીય લાગે છે; અને એની જોડે જો ઇન્દ્રધનુષ (મેઘધનુષ) આવી રહ્યું હોય તો પછી, તેની શોભાની શી વાત કરવી ? અહીં તાત્પર્ય એ છે કે જે સ્વાભાવિક રીતેજ સુંદર છે, તેમાં જો તેના જેવીજ અગર તેનાથીએ વધુ સુંદરતાવાળી વસ્તુનો ઉમેરો [મેળાપ] થતો હોય, તો મેઘ અને વિદ્યુત, મણિ અને કાંચન, સુવર્ણ અને સુગંધ વગેરેના સમાગમની પેઠે તેની શોભામાં ન્યૂનતા શી રહી ?

(૪૩) ૧૧; ૮૬]

પોતાના પરાક્રમ વડે જેને પરાજય પમાડી, પટકી નાંખવામાં આવ્યો છે, એવા શરણે આવેલા શત્રુની સાથે નરમાશથી વર્તવામાંજ શૂરવીરોની શૂરતાની શોભા છે. કહ્યું છે કે, "क्षमा बलवतां भूषणम्" બળવાનનું ખરૂં ભૂષણ ક્ષમા છે. કેમકે ક્ષમા વગરનું એકલું ઝનુની બળ તો પશુમાં પણ હોય છે. માટેજ સત્તરમાં સર્ગમાં [રઘુવંશમાં] કહ્યું છે કે 'એકલું ઝનુની બળ વિવેકવિનાનું એ જાનવરપણું, પશુત્વ છે.'

(દ્વાદશ સર્ગ)

(૪૪) (૧૨; ૬૯)

જે નીતિનો સમય સાચવી લાભ જોઇને અમલ કરવામાં આવે છે, તેજ નીતિ (પોલિસી) સફળ થઇ શકે છે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે, "Strike the iron, while it is hot." અર્થાત્ લોઢું લાલચોળ થયું હોય, તે વખતેજ ટીપી શકાતું હોવાથી, જ્યારે તે એ પ્રમાણે લાલચોળ થયું હોય ત્યારેજ તેનું ટીપવું ઉચિત છે. મતલબ કે તક સાધીને દાવ આવ્યેજ સોગટી મારવાથી, જરૂર ધારેલું કામ પાર પડયા વિના રહેશે નહિં.

(ચતુર્દશ સર્ગ)

(૪૫) (૧૪, ૩૬)

જે લોકો યશોધન છે, અર્થાત્ યશનેજ પોતાની ધન દોલત જેઓ જાણે છે, તેમને મન તો સંસારનાં સુખ ભોગની સામગ્રી કરતાં, અરે તેની વાત તો દૂર રહી, પોતાના પ્રાણ કરતાં એ પોતાની આબરૂ (ઇજ્જત) વધારે પ્રિય હોય છે. કહ્યું છે કે, આબરૂદાર માણુસને તો અપયશ (ગેરઆબરૂ) મોતના કરતાં એ વધારે અસહ્ય થઇ પડે છે. ભર્તૃહરિ પણ કહે છે કે 'अपयशो यद्यस्ति किं मृत्युना ? ગેરઆબરૂ એજ મોટામાં મોટું મોત હોવાથી, આબરૂના કાંકરા થયા પછી મૃત્યુની કાંઈ જરૂર રહેતી નથી.

૪૬ (૨૪; ૪૦)

સંસારના લોકો, પૃથ્વીની છાયાને પણ ચંદ્રના કલંક (ડાઘ) તરીકે ઓળખાવવાનું સાહસ કરતાં અટકયા નથી. અર્થાત્ ચંદ્રમા જેવા નિર્મલ તેજસ્વી દિવ્ય પદાર્થ-ને પણ આપણા લોકોએ નિન્દામાંથી બચવા દીધો નથી તો બીજાને તો તેઓ શેનાજ છોડે! મતલબ એ છે કે, બધી રીતે જેઓ કલંકવિનાના તથા શુદ્ધ હોય છે, તેવા મનુષ્યો પણ આ સંસારમાં બદનામ થયા વિના રહેતા નથી. બદબો તો સૌ કોઇનીજ થાય છે. તેટલા માટેજ કહે-વાય છે કે, 'જગતને મોઢે કાંઈ ઢાંકણું' છે ? 'જગતની જીભ

કોણ ઝીલી શકે તેમ છે?' 'પીઠ તો પાદશાહની પણ હોય છે.' સુપ્રસિદ્ધ અંગ્રેજી કહેવત "The Public is a many-headed monster;" એ પણ ઉપરનાજ ભાવનું સમર્થન કરે છે.

(૪૬) (૧૪; ૪૬)

ગુરુની આજ્ઞા થતાં, મનમાં તેની યોગ્યાયોગ્યતા સંબંધી કાંઇપણ વિચાર આણ્યા વગર, તરતજ તેને અમલમાં મૂકી દેવી જોઇએ. અર્થાત્ ગુરુ જે કાંઈ આપણને આજ્ઞા કરે, તેમાં તેમનો હેતુ કદિ આપણું અહિત કે નુકસાન કરવાનો હોઇ શકેજ નહિ, એ વાત ધ્યાનમાં રાખી, ગુરુના હુકમનો કદિ અનાદર કરવો ના જોઇએ. એને માટે નીચેની જાણીતી અંગ્રેજી કડીઓ ખાસ લક્ષમાં રાખવા જેવી છે;

"There's not to reason why;
there's but to do and die."

(પંચદશ સર્ગ)

(૪૭) (૧૬; ૪)

ધર્મનું રક્ષણ કરવા ખાતરજ પૃથ્વી ઉપર પરમાત્માનો અવતાર થાય છે. ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણે કહ્યું છે કે, "ધર્મની રક્ષા કરી, તેની ફરીથી સ્થાપના કરવાને સારૂ, દરેક યુગમાં મારે અવતાર ધારણ કરવો પડે છે."

(૪૯) (૧૬; ૨૭)

જે વાદો શત્રુનું કોઈ છિદ્ર કે પોગળ જોઈ તેની નબળાઇનો તાત્કાલિક લાભ લઈ શકે છે, તેઓ જરૂર પોતાના શત્રુને પરાજય પમાડી શકે છે. મતલબ એ છે કે કોઈપણ કારણવડે નબળા થઇ રહેલા શત્રુને, તેની દુર્બલ અવસ્થામાંજ હરાવવાની પ્રવૃત્તિ કરવી જોઇએ, કેમકે 'छिद्रेष्वनर्था बहुलीभवन्ति.' એક પોગળમાંથી ઘણા અનર્થ થાય છે. માટે તેવે વખતે, સમો સાધીને દાવ ખેલવાથી, પ્રતિકૂલ સંજોગો આગળ પરવશ બનેલા શત્રુની બદ્કિસ્મતીનો લાભ લઈ, સહજ જીતી શકાય છે.

(ષોડશ સર્ગ)

(૫૦) (૧૬; ૮૦)

નમ્ર મનુષ્યોના ઉપર સજ્જનોનો ઝાઝો વખત ક્રોધ કદિ ટકતો નથી. પાછળ ચોથા સર્ગમાં પણ કહેવામાં આવ્યું છે કે, નમ્રતાજ એક માત્ર મહાપુરુષોના ક્રોધને શાન્ત કરવાનો સહેજ ઉપાય છે. કેમકે સજ્જનો હંમેશાં શરણે આવેલાના પર દયાભાવજ રાખે છે.

(સપ્તદશ સર્ગ)

(૫૧) (૧૭; ૪૩)

યૌવન (જુવાની); સુન્દરતા અર્થાત ખુબસુરતી અને ઐશ્વર્ય (અધિકાર, વૈભવ વગેરે); એ ત્રણમાંથી પ્રત્યેક,

મનુષ્યને મદોન્મત્ત બનાવી દેવાની શક્તિ ધરાવે છે. તો જ્યાં એ ત્રણેનો સમૂહ એકઠો થયો હોય, ત્યાં આગળની તો કાંઇ વાતજ કરવાની રહેતી નથી.

(૫૨) (૧૭; ૪૭)

એકલી કોરી નીતિ, અર્થાત્ ચાહે તેમ કોઇ સતાવ્યાં કરે, પરંન્તુ મુંગે મોઢે ભલમનસાઇથી, ધપ્પા ખાયાંજ કરવા, એ કાયરપણું છે; અર્થાત્ એ નમ્રતાનું લક્ષણ નથીજ. અને એકલી ઉદ્ધતાઈભરી બહાદુરી (odıvarB), અર્થાત કોઇ બોલે નહિ, ચાલે નહિં ને વગર વાંકે તેનો વાંસો ભાંગવો, એ પશુપણું છે, જનાવરનું લક્ષણ છે.

૫૩ (૧૭; ૫૨)

હાથીનો શિકાર કરવાવાળો સિંહ, ભયનો માર્યો કહિ પર્વતની ગુફામાં ભરાઇ બેસતો નથી. એ તેનો કુદરતીજ સ્વભાવ છે કે તેનાથી કહિપણ બાયલાપણું બતાવી શકાયજ નહિ. અહિં કવિનો ભાવાર્થ એ છે કે શૂરવીર મરદો ભયભીત થઇ લડાઇમાંથી ઉભી પૂછડીએ કહિ નાસભાગ કરતા નથી; તેમજ કોઇના સતાવ્યા વગર વિના કારણ કોઈ સાથે ટંટો કરી, લડાઇ પણ જગાવતા નથી.

(૫૪) (૧૭. ૫૪)

ભરતીના વખતે સમુદ્ર કાંઇ પોતાની મર્યાદા અર્થાત્ હદનું ઉલ્લંઘન કરતો નથી, ઓળંગી જતો નથી. પરન્તુ જે નદીઓનાં પાણી પોતાના વિષે પડતાં હોય છે, તેમાંજ તે સમાઇ જઇ, પોતાનો સમાવેશ કરી દે છે. અહિં ભાવાર્થ એ છે કે, મોટા અને ગંભીર મનુષ્યો જ્યારે ઉચ્ચ અધિકાર પ્રાપ્ત કરી, પૂરેપૂરી જાહોજલાલીમાં આવ્યા હોય છે, ત્યારે એવા પ્રસંગે તેઓ, પોતાની અસલ મર્યાદાનો ત્યાગ કરતા નથી; પરન્તુ પોતાની પૂર્વની અસલી રહેણીકરણીના રાહ પ્રમાણેજ વર્તે છે.

(૫૫) (૧૭; ૫૬)

વાયુ પોતાને અનુકૂલ રહી, સહાયમાં હોવા છતાં પણ દાવાનલ અર્થાત્ અગ્નિ, કદિ પાણીની પાસે જવાનું પસંદ કરતો નથી. અહિં કવિનો આશય એવો છે કે પ્રબલ સહાયક પ્રાપ્ત થયો જાણી, પોતાથી અધિક બલ ધરાવનારા શત્રુ સામે, બાથ ભીડવા મંડી જવાનું સાહસ નહીં કરવું.

(૫૬) (૧૭; ૬૦)

પાણીથી ભરેલા વાદળાનુંજ, ચાતક પક્ષી અભિનન્દન કરે છે, આવકાર આપે છે. અર્થાત્ તાત્પર્ય એ છે કે, કોઈ

પણ વસ્તુની કામનાવાળા પ્રાર્થી લોકો હંમેશાં સમૃદ્ધિવાળા, સાધનસંપન્ન મનુષ્યોનેજ શોધતા રહે છે.

(૫૭) (૧૭; ૬૯)

વિજયરૂપી લક્ષ્મી, વીર પુરૂષનેજ વરમાળ આરોપે છે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે, "Only the brave deserve the fair." મતલબ એ છે કે, જે કાંઈપણ પરાક્રમ કરે છે અગર યોગ્ય પુરૂષાર્થ કરે છે, તેનીજ મનકામના સિદ્ધ થઈ જકે છે.

(૫૮) (૧૭; ૭૧)

પૂર્ણ વૃદ્ધિ પામ્યા બાદ ચન્દ્ર ક્ષીણ થતો જાય છે; સમુદ્રમાં પણ ભરતી પછી ઓટ આવે છેજ; અહિં મતલબ એ છે કે પૂરેપુરી ઉન્નતિ કે જાહોજલાલી ભોગવ્યા બાદ, સ્વાભાવિક રીતેજ મનુષ્યની પડતી થાય થાય છે. ઉન્નતિ પછી અવનતિનો આરંભ થવો એ પ્રકૃતિ અર્થાત્ કુદરતનો નિયમ હોવાથી નૈસર્ગિકજ ગણાશે. કહ્યું છે કે સુખની પછી દુઃખ આવે છે, અને દુઃખ ભોગવી રહયા બાદ સુખ પણ ભોગવવા મનુષ્ય ભાગ્યશાળી બને છે. બારે દહાડા કોઈને દુઃખ રહેતું નથી; તેમજ બધો વખત, કોઈ સુખી અવસ્થામાં પણ જીંદગી ગાળી શકતું નથી.

(અષ્ટાદશ સર્ગ)

(૫૯) (૧૮; ૧૩)

ગાયનના મધુર અવાજથી, ગભરાટથી ચોંકી ઉઠેલા (કદિ પણ હાથમાં ના આવી શકે એવાં) હરણોને પણ સહજ પકડી શકાય છે અર્થાત અહિં ભાવાર્થ એ છે કે મીઠી વાણીવડે, સર્વ કાંઇ સાધી શકાય છે. ચાહે તેવો વિરોધી હશે, ત પણ મીઠી જીભ વાપર્યાથી આપણે વશ થઈ શકશે. તેટલા માટેજ કહ્યું છે કે, 'वचने किं दरिद्रता?' અર્થાત્ પ્રિય (મીઠું લાગે એવું) બોલવામાં શું પૈસા બેસે છે કે કંજુસાઇ કરવી જોઈએ !

(૬૦) (૧૮; ૧૮)

સુખમાં બાધારૂપ થઈ પડી, ડખલ કરનારાં રાજ-કાજનાં બન્ધનરૂપી બેડીથી જકડાયલા, રાજા લોકની દશા ખરે કેદીઓના જેવીજ હોય છે. તાત્પર્ય એ છે કે, ફીકરચિન્તાનો બોજો રાજા લોકોના ઉપર એટલો બધો ભારે હોય છે, તેમના જીવને, જરાએ ઘડીભર પણ જંપ રહેતો નથી. રાજકાજની ભાંજગડની ગડમથલમાં તેઓને રાતદિવસ રોકાયલા રહેવું પડતું હોવાથી, ચિન્તા-નો ટોપલો તેમના માથા પરથી કદિ ખસતો નથી. સુવિ-ખ્યાત અંગ્રેજી ભાષાના કવિકુલગુરુ શેકસ્પીઅર કહે છે કેઃ—

"Uneasy lies the head, that wears a crown."

અર્થાત્ જેના માથા ઉપર રાજનું તાજ હોય છે, તેનું મગજ બહુ ચિન્તાતુર તથા આકુળવ્યાકુળજ હંમેશાં રહે છે. સુભાષિત પણ કહે છે કે, રાજ્ય મળ્યું એટલે સર્વ સુખની સામગ્રી પ્રાપ્ત થઈ ગઈ એમ સમજવાનું નથી. જ્યાં આગળ સન્ધિ, વિગ્રહ વગેરે ગંભીર વિષયો, જીવને જરાએ ઠરવા દેતા ના હોય, એવા જોખમભરેલા રાજ્યના અધિકારમાં કેવળ અબાધિત સુખ છે, એમ કોનાથી કહી શકાય તેમ છે? કાલિદાસે આજ આશયનું પોતાના શાકુન્તલ તથા વિક્રમોર્વશીય નામના બન્ને નાટકોમાં વિસ્તારપૂર્વક વર્ણન કરી યોગ્ય સમર્થન કર્યું છે.

(ઊનવિંશ સર્ગ)

(૬૧) (૧૯; ૪૦)

મધુર સ્વાદિષ્ટ વિષયો તરફ ઝુકી રહેલી ઇન્દ્રિયોને, તે તરફથી ખસેડી લેવી, એ ઘણું કઠિન કાર્ય છે. અર્થાત્ મનુષ્યનું મન એટલું બધું ચંચલ અને અસ્થિર છે, કે મનમાની સ્વચ્છંદી ઇચ્છાઓ રોકી રાખી, આત્મસંયમ કરતાં શીખવું એ બહુ અઘરૂં અને મુશ્કેલીભર્યું કામ છે. તેટલા માટેજ કહ્યું છે કે,

"ચંચલ મનના ચગડોળે ચઢી ભલાભલા ભરમાયા"

(રઘુવંશ સમાપ્ત.)

કુમારસંભવ.

(પ્રથમ સર્ગ)

(૬૨) (૧; ૩)

ચન્દ્રમાના કિરણોના પ્રચંડ પ્રકાશ આગળ, જેવી રીતે તેનો કલંક (ડાઘ), ઢંકાઇ જઇ, તેને એબ લગાડતો નથી; તેજ પ્રમાણે ઘણા સદ્ગુણ ધરાવનારા માણસનામાં, એકાદ કદાચ અવગુણ હશે, તો તે ઉઘાડો પડી જઇ, તે માણસને ફજેત કરશે નહિ. સુભાષિત પણ કહે છે કે ગુણવાન મનુષ્યના ઉત્તમ ગુણો પર લોકો, એટલા બધા મોહિત થઈ ગયા હોય છે, કે તેમનું એવા સદ્ગુણી મનુષ્યના દુર્ગુણ તરફ બિલકુલ દુર્લક્ષજ રહે છે, અને તેટલા માટેજ, લોકો ચન્દ્રના ડાઘ તરફ પણ બેધડક, આનન્દપૂર્વક જોઇ શકે છે.

(૬૩)

મહાત્મા અર્થાત્ નિખાલસ હૃદયના મોટા માણસોનો એવો રિવાજ હોય છે કે શરણે આવેલો માણસ, પછી ચાહે તેવો ક્ષુદ્ર, યા ઓછું પાત્ર હોય, તો પણ સજ્જનોની સાથે, જેવા હેતભાવથી, તેઓ વર્તતા હોય છે, તેવોજ પ્રીતિપૂર્વક વ્યવહાર તેમની સાથે પણ રાખતા તેઓ જરાએ સંકોચાશે કે શરમાશે નહિ. ભાવાર્થ એ છે કે, શરણે

આવેલા માણસના તરફ, મહાત્મા લોકોની એટલી બધી રહેમનજર હોય છે, કે તેના દુર્ગુણોનો મનમાં જરા પણ ખ્યાલ લાવ્યા વગર, તેઓ હરકોઇ પ્રકારે પોતાથી બની શકતું તેનું કલ્યાણજ કરવાના.

(૬૪)

વસન્ત ઋતુમાં, જાતજાતનાં પુષ્પો નજરે નીહાળવા છતાં, ભમરાના ઝુંડનું ખાસ લક્ષ તો, આંબાની મોરના તરફજ વિશેષ ખેંચાતું હોવાથી, બીજા બધા ફુલોને તજી, આંબાની મંજરી ઉપરજ, પોતાનું રહેઠાણ કરવાનું તેમને ખાસ મન થાય છે. અહિં કવિનો આશય એ છે કે, સંસારમાં અનેક પ્રકારના લોક હોય છે, પરન્તુ પ્રથમથીજ, જેમની સાથે જેમનો ગાઢ સંબંધ જોડાયો હશે, તેમના ઉપરજ સ્વાભાવિક, કુદરતી રીતે, તેમને પ્રેમ ઉત્પન્ન થશે.

(૬૫)

મન્ત્રવડે પવિત્ર થયેલી આહુતિ (બલિદાન) ગ્રહણ કરવાની અર્થાત્ પોતાના વિષે લેવાની શક્તિ, અગ્નિ સિવાય બીજા કોઇ તેજસ્વી પદાર્થનામાં નથી. તેજસ્વી પદાર્થો તો ઘણાએ છે, પરંન્તુ એકલો અગ્નિજ પવિત્ર આહુતિ ગ્રહણ કરી શકે છે, અહિં તાત્પર્ય એ છે કે, એકલા આકાર અર્થાત્ બહારના દેખાવથી કશું વળતું નથી; પ્રતિષ્ઠા મેળવવા

સારૂ સંગીન ઉત્તમ ગુણોની ખાસ જરૂર છે. બહારની ફુંફાં કે આડંબર નકામાં છે. ક્રિયાની સિદ્ધિનો ખરો આધાર તો ખરા કુદરતી સત્વ ઉપરજ રહેલો છે.

(૬૬) (૧; ૫૨)

રખેને અમારી પ્રાર્થના (કરેલી માંગણી) નિષ્ફળ તો નહિ જાય, એવા ડરથી સુજ્ઞ (સમજુ) લોકો, પોતાની પ્રિય વસ્તુ માટે પણ પોતાનો પ્રેમ પ્રકટ કરતા નથી, અર્થાત ઇચ્છા બતાવતા નથી. અહિં મતલબ એ છે કે, પાછળથી નાસીપાસ થવાનો વારો ના આવી શકે, તેટલા માટે, સમજુ લોકો વગર વિચારે માંગણી કરવાને બદલે, પોતાની મન-ગમતી વસ્તુ તરફ ઉદાસીન રહેવાનુંજ પસંદ કરે છે. 'માંગવુ'' એ તેમને મન મરવા બરોબરજ લાગે છે. 'મંગણો ભલો ન બાપકો,' એ જાણીતી કહેવત પણ એજ આશયનું પ્રતિપાદન કરે છે.

(૬૭) (૨; ૫૭)

વિકાર ઉત્પન્ન થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હોય અર્થાત્ મનમાં ખળભળાટ ઉત્પન્ન કરનારી સર્વ સામગ્રી કે સાધનો સામટાં ખડાં થયાં હોય એવા કટોકટીના સમયે પણ, જે મનુષ્ય મક્કમ રહી, મનને મારી શકે અર્થાત્ ઉત્પન્ન થએલા વિકારને કવાં તો દૂર કરી દે છે, અથવા તો તેને બિલકુલ ઉત્પન્ન થવા દેતાજ નથી, તેમને

જ ખરા ધીર (બહાદુર) પુરૂષ જાણવા. ભર્તૃહરિએ પણ તેટલા માટે કહ્યું છે કે, મોહ ઉત્પન્ન કરનારી સુંદર ચીજો જોવા છતાં, જેનું હૃદય ખળભળી ઉઠતું નથી, ક્રોધ ચઢે તેવું ખાસ કારણ મળવા છતાં જે ગુસ્સાનો ગુલામ બની જતો નથી, તથા સંસારના વૈભવવડે જે છલકાઈ જઈ તેમાં ગુલતાન બની જતો નથી, તેજ બહાદુર માણસ ત્રણ લોકને જીતવા સમર્થ થઈ શકે છે.

(દ્વિતીય સર્ગ)

(૬૮) (૨; ૪૦)

બુરાઇ (ભુંડાઇ)ના બદલામાં સામી બુરાઇ કર્યા વિના દુર્જન લોકોના જીવને ચહેન પડતું નથી. એવા લોકોથી ભુંડાઇનો બદલો ભલાઈથી વાળી આપવાની ઉદારતા કદિ દેખાડી શકાવાની નથીજ. અહિં તાત્પર્ય એ છે કે, દુષ્ટ માણસોના અંતઃકરણ મલિન અને ડાઘેલ હોવાથી તેઓ કદી મુંગે મોઢે, પોતાને થયેલું અપમાન સહન કરી શકશે નહિ પરંન્તુ વેરની વસુલાત અવશ્ય લેશેજ

(૬૯) (૨; ૫૫)

પોતે વાવેલું ઝાડ, પછી તે ગમે તેવું ઝેરી હોય તોપણ તેને ઉગાવી, એક પ્રકારે જન્મ આપનાર આપણેજ છીએ, એમ સમજી આપણે જાતે કદિ આપણે હાથે તેને કાપી નાંખવું નહિ જોઇએ. તાત્પર્યં એ છે કે, આપણે જેને

એક વખત આશ્રય આપ્યો હોય તે પછી પાછળથી ચાહે તેવો નીમકહરામ નીકળે, તો પણ આપણો તે એક વખતનો આશ્રિત હતો અર્થાત્ આપણા હાથે તેનું અગાઉ રક્ષણ થયું હતું તે વાત ધ્યાનમાં રાખી, તેનો જડમૂળથી કદિ નાશ ન થવા દેવો જોઇએ. ગુજરાતી ભાષામાં પણ આ આશયનું ભાન કરાવનારી કહેવત છે કે, " જે મોઢે પાન ચાવ્યાં હોય, તે મોઢે કોયલા ચાવવા ઉચિત નથી."

તૃતીય સર્ગ

(૭૦) (૩; ૨)

શેઠ લોકો વારંવાર પોતાના આશ્રિતોનું અર્થાત્ નોકરોનું ગૌરવ વધારી તેમનું કલ્યાણ કરે છે, તેમાં તેમનો હેતુ ખાસ પોતાનો સ્વાર્થ સાધવાનો હોય છે. કેવળ પરોપકારની દાનત હોતી નથી. તેથી કરીને શેઠના હાથે થયલું નોકરનું કલ્યાણ કાયમને માટે ભાગ્યેજ રહી શકે છે અંગ્રેજી ભાષાના સુપ્રસિદ્ધ કવિ શેકસ્પીઅરના નીચેના શબ્દો અહિં જાણવાજોગ થઇ પડશે.

Had I but served God, as I have served thee, he would not have given me up in my grey hairs."

અર્થાત્ 'ઓ રાજા! જેવી મેં એકનિષ્ઠાથી તારી સેવા કરી છે, તેટલીજ શુદ્ધ ભકિતથી જો મેં પરમાત્માનું ભજન

કર્યું હત, તો તે (દયાળુ પરમેશ્વર) તારી પેઠે થડપણમાં મારો ત્યાગ કદિ નહિ કરત.'

(૭૧) (૩; ૧૩)

પૃથ્વીનો ભાર ઉપાડવાની શકિત જોઇનેજ, શ્રીકૃષ્ણ પરમાત્માએ, શેષ નાગને, પોતાના શરીરનો ભાર ઝીલવાનું કામ સોંપેલું હોવું જોઇએ. અહિં મતલબ એ છે કે, માલિક પોતાના નોકરની કામ કરવાની શકિત જોઇને તેના પ્રમાણમાંજ તેને તેના લાયકનું કાંઈક કામ સોંપે છે.

(૭૨) (૩; ૧૪)

સામાન્ય મનુષ્યથી નહિ થઇ શકે એવું અસાધારણ (Extraordinary) કામ, કદાચ જાહેરમાં જનસમાજને જાણીતું નહિ થયું હશે, તો પણ તેના કરનારાને તે જરૂર એક દિવસ વહેલું મોડું પણ, યશસ્વી બનાવ્યા વિના રહેશે નહિ. અહિં તાત્પર્ય એ છે કે, પ્રસિદ્ધ થવાની કે પંકાવાની પરવા રાખ્યા વગર, બુદ્ધિમાન લોકોએ, મહાન્ કાર્યો કરવામાં ઉત્સાહ ભર્યો ભાગ લઇ, પોતાની શકિતને કદિ કટાઈ જવા નહિં દેવી જોઇએ. તેનું ફલ કદાચ તત્કાળ, તરતને તરત નહિં મળ્યું તો તેથી શું ? કોઇને કોઈ કાળે પણ તે અવશ્ય ફલીભૂત થઇ, સાધકને યશસ્વી બનાવી, તેના શ્રમને સાર્થક કરશેજ. માટેજ ગીતામાં ઉપ-

દેશ કર્યો છે કે. कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' 'તારૂં કામ (કર્તવ્ય) કેવળ કર્મ કરવા પૂરતુંજ છે. ફલ કે પરિણામની આશા ઉપર બેસી રહેવાનો તને અધિકાર નથી.

(૭૩) (૩; ૨૧)

વાયુને કોણ કહેવા જાય છે કે તું ભાઇ, જઇને અગ્નિને મદદ કર! અહિં ભાવાર્થ એ છે કે, સાચા સ્નેહીઓને કહિ સહાય કરવા સારૂ કહેવું પડતું નથી. આપણી આપત્તિના વખતમાં. પોતાની ફરજ સમજી, તેઓ વગર તેડયે, આપો આપજ આવી પહોંચે છે. સજ્જનો હંમેશાં વગર કહયેજ બીજાને પોતાથી થઇ શકતી મદદ કરે છે. સૂર્યમુખી કમળને સૂર્ય અને ચંદ્રમુખી કમળને ચંદ્ર પ્રફુલ્લિત કરે છે, તેમાં તેમને કોઇને કહિ કાંઇ કહેવું પડે છે? વાદળાં વગર માગ્યે પોતાની મેળેજ આપણને પાણી આપે છે. મતલબ કે સજ્જનોનો સ્વભાવજ એવો હોય છે કે કહ્યા વગર બીજાને મદદ કરવી.

(૭૪) (૩; ૨૮)

એકને એકજ માણસનામાં સઘળા ગુણોનો સમાવેશ કરી દઇ, તેને કોઇપણ પ્રકારની ખોડખાંપણ વિનાનો બનાવવાનો સરજનહાર (બ્રહ્મા)નો સ્વભાવ જણાતો નથી. અ-

ર્થાત્ આ સંસારમાં કોઇ પણ મનુંષ્ય સર્વ વાતે સંપૂર્ણ કે સર્વગુણસંપન્ન કહિ પણ કોઇનાએ જોવામાં આવી શકે તેમ નથી. 'પૂર્ણ' તો એક માત્ર પરમેશ્વરજ હોવાથી, તેના સિવાય બીજા બધાં પ્રાણી કોઇને કોઇ પ્રકારે અધુરા અને ખામીના ભરેલા જણાયા વિના રહેશે નહીં.

(૭૫) (૩; ૪૦)

જે જિતેંદ્રિય છે, અર્થાત્ જેમણે પોતાની મન આદિ ઇન્દ્રિયો ઉપર જીત મેળવી તેમને પોતાને તાબે કરી છે (કબજામાં આણી છે) તેવા પોતાની જાત પર જોર રાખવાવાળાની સમાધિ અગર નિષ્ઠા, વિઘ્નોના સમુદાય વચ્ચે પણ કોઇ કાળે ચલાયમાન થઇ શકશે નહિ. કેમકે પાછળજ કાલિદાસે કહ્યું છે કે વિકાર ઉત્પન્ન થવાનું કારણ મળ્યા છતાં પણ જે વિકારના ગુલામ બની જતા નથી, પરન્તુ આત્મસંયમવડે, વિકારને વિદારવા સમર્થ થઇ શકે છે તેમનેજ ખરા ધીર પુરુષ સમજવા જોઇએ. ભર્તૃહરિએ પણ કહ્યું છે કે આપત્તિના વખતમાં મહાપુરુષોનું ચિત્ત (કાળજું) વજ્રથીએ વધુ કઠણ બની જાય છે. કહિએ ખસેડી ના શકાય તેવા ખડકના જેવાજ તેઓ અવિચલિત રહે છે.

(૭૬) (૩; ૧૩)

અલૌકિક શકિત ધરાવનારા મહાપુરુષોનાં વચન કદિ મિથ્યા ઠરતાં નથી. તેઓ જે કહે છે કે બોલે છે તે પ્રમાણેજ થાય છે. શાકુન્તલમાં કહ્યું છે કે સજ્જનોની ચિત્તની વૃત્તિઓજ પ્રત્યક્ષ પ્રમાણ રૂપ છે. ભવભૂતિ પણ કહે છે કે મહાત્માઓની વાણીની પાછળ અર્થ આપોઆપ ઘસડાઈ ઘસડાઈને દોડયો દોડયો જાય છે. મતલબ કે તેઓ સત્ય સંકલ્પવાળા હોવાથી, તેઓ જે કહે છે તે ફળે છે, સિદ્ધ થાય છે.

(ચતુર્થ સર્ગ)

(૭૭) (૪; ૨૬)

સ્વજન અર્થાત્ પોતીકાં સગાંસંબંધીઓને જોતાં વારને જ, અંતઃકરણમાં કેદ થઈ રહેલા દુઃખનો દરવાજો, ખુલ્લી જઈ, તે દુઃખને ખાલી કરી નાંખે છે અહિં ભાવાર્થ એ છે કે પોતીકા માણસની આગળ દુઃખનો ઉભરો ખાલી કર્યાથી, આપણા દુઃખની વાત તેને કહ્યાથી, દુઃખથી જે અગાઉ તીવ્ર વેદના (પીડા) થયાં કરતી હશે, તેના ઘણો ઘટાડો થઇ, કેટલેક અંશે તે દુઃખની શાન્તિ થયા જેવું જ આપણને જણાશે. સુભાષિત પણ કહે છે કે, 'स्वजनस्य हि दुःखमग्रतो विवृतद्वारमिवोपजायते' અર્થાત્ પોતીકાં માણસને આપણા દુઃખના

ભાગી બનાવવાથી, દુઃખની વેદના અગાઉના જેટલી અસહ્ય લાગશે નહિ.

(૭૮) (૪; ૨૮)

પત્ની પ્રત્યેનો પ્રેમ કદાચ કાયમને માટે સ્થિર નહિ રહી શકે; પરન્તુ માયાળુ મિત્ર માટેનું મમતાભર્યું હેત કહિ પણ ઓછું થતું નથી. અર્થાત્ કોઇને કોઇ પણ કારણને લીધે, પુરુષનો પોતાની પત્ની પ્રત્યેનો પ્રેમ પૂર્વના જેવો કદાચ ના રહી શકે એ બનવા જોગ છે. પરન્તુ સરખા સ્વભાવવાળા દિલજાન દોસ્તની સાથે, જેવો સ્નેહ અગાઉથીજ હોય છે, તેવો ને તેવોજ હમેશને માટે નભી રહે છે. સુભાષિત પણ કહે છે કે સરખા સ્વભાવવાળા મિત્રના ઉપર જે વિશ્વાસ રહી શકે છે, તેવો વિશ્વાસ તો પોતાની સગી મા, કે ભાઇ અગર સ્ત્રી પર રહેતો નથી, અરે, પોતાની જાત ઉપર ભરોસો રહેતો નથી; પરન્તુ સાચા સ્નેહી પર રહી શકે છે.

(૭૯) (૪; ૩૩)

ચન્દ્રમાના અસ્ત થવાની સાથેજ ચાંદની (ચંદ્રિકા) પણ અસ્ત પામી જાય છે; વાદળાંની સાથે વીજળી પણ ઢંકાઈ જાય છે; જડ વસ્તુઓએ પણ પોતાના વર્તનવડે એ વાત તો સાબીત કરી આપી છે કે સ્ત્રીની ગતિ અર્થાત્

આધાર એક માત્ર તેનો પતિજ છે. તાત્પર્ય એ છે કે સ્રીના જીવનનો આધાર એક માત્ર તેનો પતિ છે, એ વાત કેવળ પુસ્તકોનાં પાનાં ઉપરજ જોવામાં આવે છે એમ નથી; પરન્તુ એનાં ઉદાહરણ તો જીવ વિનાનાં જડ પદાર્થોમાંથી પણ અનેક જડી આવે છે.

(૮૦) (૪; ૪૪)

સૂર્યના કિરણથી સૂકાઈ ગયલી નદી, ઉનાળાના દિવસ વીત્યા બાદ, ફરીથી પાછી, ખરેખર, પાણીથી ભરપૂર ભરાઇ જવાનીજ. અહિં ભાવાર્થ એ છે કે દુઃખ અને સુખ કદિ કાયમને માટે એકની એકજ સ્થિતિમાં સ્થિર નથી રહેતાં કુદરત પોતેજ એ વાતનુ ભાન કરાવે છે. ભર્તૃહરિ પણ એજ આશયથી કહે છે કે, કપાઇ ગયા છતાંએ ઝાડ ફરીથી ઉગી શકે છે; અને વળી ક્ષીણતાને પ્રાપ્ત થવા છતાં પણ ચન્દ્ર ફરીથી વૃદ્ધિ પામી શકે છે. સમુદ્રમાં પણ ભરતીને ઓટ થયાં કરે છે. તેમજ મેઘદૂત માં કાલિદાસે કહ્યું છે કે સુખદુઃખની દશા (ગતિ) ગાડીના પૈડાની પેઠે ઉપરતળે થયાં કરે છે. આપણા કવિઓએ પણ સુખદુઃખની રેંટમાળ કહી છે.

(પંચમ સર્ગ.)

(૮૧) (૫; ૧)

સ્નેહી સ્વજનનો સાચો સ્નેહ સંપાદન કરવાથીજ સુન્દરતા સાર્થક થાય છે, સફળ થાય છે. પોતાના લાયક

પતિ પ્રાપ્ત થવાથીજ સ્ત્રીનું સુંદર રૂપ સાર્થક થાય છે. પતિવડેજ તેના રૂપની શોભા છે.

(૮૨) (૫; ૪)

કોમળ શિરીષ પુષ્પ (સિરિસના ફુલ)થી ભમરાઓનો ભાર સહન કરી શકાય છે ખરો, પણ પક્ષીઓનો બોજો, તેમનાથી ખમી શકતો નથી. અહિં તાત્પર્ય એ છે કે સુકુમાર એટલે નાજુક લોકોથી કઠિન તપશ્ચર્યા, અગર અઘરાં કામ કરી કાયાને કષ્ટ આપી શકાતું નથી.

(૮૩) (૫; ૫)

દૃઢ નિશ્ચય કરી ધારેલું પાર પાડવા મક્કમપણે એકકે પગે તૈયાર થઇ રહેલાં મનને તથા ઉપરથી નીચે વહેનારાં જળની ગતિ (વેગ)ને કોનાથી રોકયું રોકી શકાય તેમ છે? મતલબ કે એ બન્ને કામ એકસરખાં અશકયજ છે. કેમકે જીવ જાય તો ભલે પણ હાથ પર લીધેલું કામ પાર પડવુંજ જોઇએ એવા દૃઢ ટેકથી, જેઓ કર્ત્તવ્ય બજાવ્યા જાય છે, તેમને આપત્તિ કે સંકટની પરવા હોતી નથી; તેથી તેઓ સહજ પોતાનો મનોરથ સિદ્ધ કરી શકે છે. ભર્તૃહરિ પણ આજ આશયને સમર્થન કરતાં કહે છે કે, અનેક પ્રકારનાં સંકટોવડે ચોગરદમથી ઘેરાઇ રહેવા છતાં બહાદુર ધીર પુરુષ કદિ હિંમત હારી જતો નથી; અગ્નિની

જવાળાને ગમે તેટલી નીચી રાખતા છતાં, તે કદિ પણ જમીનનો સ્પર્શ નહિ કરે. પાછળજ કહેવામા આવ્યું છે કે વિઘ્નોના સમહ પણ જિતેન્દ્રિય પુરુષની નિષ્ઠા અગર ટેકને ચુકાવવા શક્તિમાન થતો નથી.

(૮૪) (૫; ૮)

કમળનું ફુલ એકલા ભમરાના ઝુંડવડેજ શોભીતું દેખાય છે એમ નથી; લીલની અંદર, આવેલું હોવા છતાં, તે (કમળ) તેટલુંજ સુશોભિત અને સુંદર જણાય છે. અહિં તાત્પર્ય એ છે કે જેનામાં ખરેખરી ખુબસુરતી છે, એવી કુદરતી સુંદરતા ધરાવનારી વસ્તુ, કદરૂપા પદાર્થોની સાથે કદિ ભેગી થઈ હશે, તે પણ તેથી તેની સ્વાભાવિક સુંદરતાનો કદિ નાશ થશે નહીં.

૮૫ (૫; ૨૬)

ધર્મવૃદ્ધ અર્થાત્ પોતાનું કર્તવ્ય કર્મ બજાવતાં સન્દા ચરણવડે મહાન પદને પામેલા મહાપુરુષોના સબંધમાં ઉમર, કુળ વગેરે અવસ્થાનો વિચાર કરવાની જરૂર નથી. પાછળ રઘુવંશમાં પણ કહેવામાં આવ્યુ છે કે તેજસ્વી પરાક્રમી પુરુષોનાં પુરુષાર્થને માટે ઉમરની વાટ જોવાની નથી. અર્થાત્ પરાક્રમ કદિ ઉમર પર આધાર રખાતું નથી. શૂરવારોના શૂરાતન બાળપણમાંથીજ

જણાઇ આવતાં હોવાથી, ગુજરાતી ભાષામાં પણ કહેવત છે કે, "પુત્રનાં લક્ષણ પારણામાં."

(૮૬) પૃ; ૬૫

સાધુ પુરુષો (સજ્જનો) સમદર્શી હોઇ, સર્વની સાથે સમભાવ રાખનારા છે; એમ છતાં પણ વિશેષ આકાર પ્રકારના લોકોના તરફ, વધારે ભાવ રાખી, તેમનું તેઓ સૌથી વધારે સન્માન કરે છે.

(૮૭) (પૃ; ૬૬)

ધર્મકર્મ કરવાનું અર્થાત્ ફરજીયાત અઘરાં કામ કરવાનું મુખ્ય સાધન શરીર હોવાથી તેનું આરોગ્ય જાળવી રાખવાની ખાસ જરૂર છે. અંગ્રેજી ભાષામાં પણ કહેવત છે કે Health is Wealth (તન્દુરસ્તી) આરોગ્ય એજ દોલત છે. ગુજરાતીમાં કહેવત જાણીતી છે કે, "પહેલું સુખ તે જાતે નર્યા." મતલબ કે શરીર સારૂં હોય છે તોજ સર્વ કાંઇ થઇ શકે છે, માટે શરીરની સૌથી પ્રથમ કાળજીપૂર્વક સભાળ લેવી જોઇએ.

(૮૮) (પૃ; ૩૮)

એક બીજા જોડે સહેજ વાર્તાલાપ (વાતચીત) થયાથી, અગર સાત ડગલાં સાથે ચાલ્યાથી, સજ્જનોના પરસ્પર સ્નેહ જોડાય છે. રઘુવંશમાં પણ કહ્યું છે કે, 'વિદ્વાન

વર્ગમાં તો વાતચીત થવાથીજ પરસ્પર મિત્રતાનો સંબંધ બંધાય છે. ' વળી, લગ્નપ્રસંગે, જે સપ્તપદીની વિધિ રાખવામાં આવી છે, તે પણ આજ ભાવ(આશય)નું સમર્થન કરે છે.

(૮૯) (પુ; ૪૩)

ઝેરી નાગના માથા ઉપરનો મણિ લેવા માટે, કોણ પોતાનો હાથ લાંબો કરવાનું સાહસ કરશે ? તાત્પર્ય એ છે કે પ્રતાપશાલી તેજસ્વી લોકો, જો પોતાની સંપત્તિનું કાળજીપૂર્વક યોગ્ય રક્ષણ કરશે, તો પછી, કોઇની પણ તેના પર હાથ લગાડવાની કે તેને હેરાન કરવાની હામ રહેશે નહિં.

(૯) (૫; ૪૪)

ચન્દ્રમા અને તારાના ઝુમખાથી ભરપૂર રાત્રિ, શું કદિ સમીસાંજના સમયમા અરુણોદય અથાત્ પ્રાતઃકાલના આકાશની રતાશની બરોબરી (હરીફાઇ) કરી શકે તેમ છે? મતલબ કે સમય અને સ્થિતિના પ્રમાણમાંજ સર્વ કાંઇ સારૂં જણાય છે, શોભે છે. જુવાનીમાં ઘડપણનો પોશાક (સ્વાંગ) ઠીક લાગતો યથી; તેમજ ઘડપણમાં જુવાનીનો ભપકો કદિ પણ શોભશે નહિ.

(૯૦) (૫, ૪૫)

કિંમતી રત્ન કદિ કોઇને શોધવા નીકળતું નથી; તેને મેળવવા સારૂ સર્વ કોઇ ઢુંઢવા નીકળી પડે છે. અહિં તાત્પર્ય એ છે કે યોગ્ય મહાપુરુષને પોતાનો આદરસત્કાર કરવા સારૂ બીજાને કહેવું પડતું નથી; તેના ઉત્તમ ગુણોજ તેમ કરવાની ફરજ પાડતા હોવાથી, તેવા પુરુષનું સઘળા વગર કહ્યેજ સન્માન કરે છે.

૯૨ (૫; ૬૪)

એવી કોઈ પણ ચીજ અગર જગા નથી કે જેના તરફ માણસના મનોરથની ગતિ થતી નથી. અર્થાત માણસનું મન એવુ છે કે નહીં મેળવી શકાય એવી દુર્લભ વસ્તુની ઈચ્છા કરતાં પણ તે કદિ આચકો ખાતુ કે અટકતું નથી. આશા અમર હોવાથી તેને હદ કે છેડો છેજ નહીં.

૯૩ (૫; ૭૩)

કોઇ પણ વિદ્વાન વૈદિક યજ્ઞસ્તંભની પેઠે, શ્મશાનમાં પડેલા શુળીના કાષ્ઠની પૂજા કરશે નહિ. અહિં આશય એ છે કે, સુપાત્ર મનુષ્યની માફક કુપાત્રને કદિ માન મળતું નથી. ભલે તે પછી એકજ કુળમાં જન્મ્યા કયાં નહીં હોય ? ભેંસ તથા ગાય એ બન્ને આપણને દુધ આપે છે, છતાં પૂજા ગાયનીજ થાય છે. ભેંસની કદિ કોઇ પૂજા

કરતું નથી. હિન્દીમાં એને સારૂ કહેવત છે કે "गधी की कमी गौकी माफक पूजा होती है ?"

(૩૪) (૫; ૭૫)

જેઓ નીચ અને મૂર્ખ છે એવા દુર્જન લોકો મહાપુરુષોનાં અદ્ભુત તથા સમજી ના શકાય તેવાં અસાધારણ સારાં કામ અને ગુણોની સદા નિન્દાજ કર્યા કરે છે. દુર્જન લોકો નિન્દા કરવામાંજ સદા શૂરા હોય છે. સુભાષિત કહે છે કે, બીજાની સાથે વાદવિવાદ (તકરાર) કરવાને દુર્જનોને દશ મોઢાં હોય છે, બીજાના છિદ્ર શોધી ભૂલ કાઢવામાં હજાર આંખવાળા બની જાય છે; અને સદ્ગુણી સજ્જનોની નિન્દા અને ઝાટકણી કરવા સારૂ તેમનામાં હજાર હાથ જેટલું બળ આવે છે. ભર્તૃહરિએ પણ કહ્યું છે કે એવો કયો સદ્ગુણ છે કે જે દુર્જનોની નિન્દામાંથી બચી ગયો છે? નમ્રતા (ઠાવકાપણું) ને તેઓ જડબુદ્ધિ કહીને વગોવે છે; ધર્માનુષ્ઠાનને તેઓ દંભ (ઢોંગ) કહે છે; સાધુ જીવનને તેઓ કપટ કહેવાના; શૂરવીરના ઉપર ઘાતકીપણાનો આરોપ મૂકવાના; તપસ્વી મુનિને મૂઢ (ગાંડો) કહીને વગોવ્યા વિના નહિં રહેવાના; બોલવાની મીઠાશ (પ્રિયવાદીપણા)ને દીનતા કહીને ઉતારી પાડશે; જુસ્સાવાળા તેજસ્વી પુરુષને ગર્વિષ્ઠને અહંકારી કહીને વગોવશે;

વકતૃત્વશક્તિ(ભાષણ કરવાની સારી છટા)ને વાચાળપણું (લવારો) કહી વગોવ્યા વગર રહેશે નહિ; અને નિવૃત્તિ-પરાયણ મનુષ્યને તેઓ નિર્માલ્ય અને દમવિનાનો કહીને ઉભા રહેશે. મતલબ કે, સજ્જનોની નિન્દા કરવી, એ તો દુર્જનોનો કુદરતી અને સ્વાભાવિકજ રિવાજ છે.

(૯૫) (૫;૭૮)

આખું વિશ્વ (અખિલ બ્રહ્માણ્ડ) જેની મૂર્તિ છે, એવા પરમેશ્વરના વાસ્તવિક (ખરેખરા) સ્વરૂપની યથાર્થ કલ્પના કોઈથી પણ થઇ શકે તેમ નથી. મતલબ એ છે કે પરમાત્માનું સ્વરૂપ સમસ્ત સંસારમાં સર્વ ઠેકાણે વ્યાપી રહેલું હોવાથી, એ અનેકરૂપધારીનો કોઇએક અમુક આકાર કે રૂપ માની લઇ, 'આજ એનું રૂપ છે,' એમ કહેવું, એ તદ્દન અયોગ્ય તથા ભૂલભરેલુંજ ગણાશે

(૯૬) (૫;૮૩)

મરજી મુજબ વર્ત્તનરા તથા મનમાન્યું કરનારા ટેકીલા માણસો નિન્દાથી (લોકાપવાદથી) ડરતા નથી.

(૯૭) (૫;૮૩)

મોટા માણસોનું ભુંડું બોલનારાજ એકલા નહિ, પરન્તુ તેમના એવા નિન્દાના ભરેલા શબ્દો સાંખી રહેનારા પણ પાપના ભાગી થાય છે. મતલબ કે મોટા માણસની

ફક્ત નિન્દા કરવાથીજ પાપ લાગે છે એમ નથી પરન્તુ તેમની નિન્દા સાંભળવાથી પણ દોષ લાગે છે માટે જ્યાં એ પ્રમાણે મહાપુરુષોની નિન્દા થતી હોય ત્યાં ઉભા ના રહેવું.

(૯૮) (૫; ૮૬)

સરાં મોટાં કામમાં અગાઉ વેઠેલો શ્રમ, તે કામ પાર પડીને સફળ થયે, તદ્દન નવું સ્વરૂપ ધારણ કરી, આગળના સઘળા થાકને દૂર કરે છે તથા શરીરમાં નવું જોમ (ઉત્સાહ) આણી, આખરે સુખરૂપ થઇ પડે છે. માટેજ ગુજરાતીમાં પણ કહેવત છે કે "કામનો કંટાળો એ ભવિષ્યનો ભુલાવો છે." રઘુવંશના ત્રીજા સર્ગમાં પણ કહ્યું છે કે, 'સારાં કામને આરૂ વેઠેલો શ્રમ, કદિ નિષ્ફળ જતો નથી.' ભર્તૃહરિ પણ કહે છે કે શેષનાગ પૃથ્વીનો ભાર રાતદિવસ ઝીલી રહ્યા છે, તેને શું ભાર નથી લાગતો? કંટાળાથી શા માટે તેઓ પૃથ્વીને કદિ ફેંકી દેતા નથી? સૂર્ય, ઘડીભર પણ જંપ લીધા વિના સતત શ્રમ વેઠયાં કરી, પ્રાણી માત્રને પ્રકાશ પૂરો પાડે છે, તેને શું કદિ થાક નથી લાગતો? પરન્તુ ખરી વાત તો એ છે કે હાથ પર લીધેલું (અંગીકૃત) કાર્ય છોડી દેવા કરતાં યોગ્ય મહાપુરુષ,

પ્રાણત્યાગ કરવાનું વધારે પસંદ કરશે; કેમકે ધારેલું કામ (કર્ત્તવ્ય કર્મ) પાર પાડવું એ સજ્જનોનો કુલપરંપરાગત (પેઢીધર પેઢીથી ઉતરી આવેલો) ધર્મ છે.

(ષષ્ઠ સર્ગ.)

(૯) (૬; ૨૨)

બધી બાતમાં સ્ત્રી અને પુરુષનો ભેદભાવ રાખવો, અર્થાત્ અમુક તો પુરુષ છે, માટે સારોજ હોવો જોઇએ, અને અમુક વ્યક્તિ સ્ત્રી હોવાથી, તેનાથી તેવું ઉત્તમ કાર્ય કદિ થઇ શકેજ નહિ, એવો એકતરફી વિચાર કેવળ ભૂલભરેલો હોઈ ભ્રમમાત્રજ ગણાશે. સજ્જનોની નજરે તો ચરિત્ર (સદ્વર્તન)જ માન આપવા યોગ્ય મનાય છે. અહિં તાત્પર્ય એ છે કે સજ્જન લોકો અમુક વ્યક્તિ માનને પાત્ર છે કે નહિ તેનો નિર્ણય કરતી વખતે તે સ્ત્રી છે કે પુરુષ છે, તેનો વિચાર નથી કરવા બેસતા, તેનામાં યોગ્ય ગુણો છે કે નહિ તેનોજ ફક્ત વિચાર કરી, ગુણવાન સ્ત્રી તથા પુરુષ, એ બેઉનો એક સરખી રીતેજ તેઓ આદરસત્કાર કરે છે. ભવભૂતિએ પણ એજ આશયને લઇને કહ્યું છે કે "गुणाः पूजास्थानं गुणिषु न च लिंगं नच वयः ।" અર્થાત્ ગુણી જનના ગુણજ આદરને પાત્ર છે. માન આપવામાં તેટલા માટે વ્યક્તિના ગુણનોજ ફક્ત વિચાર કરવાના છે, નહિ કે સ્ત્રી પુરુષ આદિ જાતિ, અગર નાની કે મોટી ઉમરનો

(૧૦૦) (૬;૨૦)

મોટા લોકો જ્યારે પોતાનાં કામનાં વખાણ કરી, માન આપે છે, ત્યારેજ માણસને પોતાના ઉત્તમ ગુણો અગર સારાં કામોની ખાતરી થઇ, તે પર વિશ્વાસ બેસી શકે છે. શાકુન્તલમાં પણ એજ મતલબથી કહ્યું છે કે, જ્યાં સુધી પોતાના કાર્યથી વિદ્વાન લોકોનાં મન રાજી થયાં નથી, ત્યાં સુધી કોઇ પણ કામમાં મેળવેલી કુશાગ્રતાથી માણસને ખાતરી થઇ શકી નથી. મોટા મોટા પંડિતોને પણ, એ કારણને લીધે, પોતાની જાતના ઉપર ઝટ વિશ્વાસ બેસતો નથી. અહિં તાત્પર્ય એ છે કે પ્રતિષ્ઠિત આબરુદાર મહાપુરુષોએ જેમનાં વખાણ કર્યાં છે તેવા, મોટાનું માન મેળવવા ભાગ્યશાળી થયલા લોકોનેજ, ખરેખરા ગુણવાન સમજવા જોઈએ

(૧૦૧) (૬; ૨૧)

સજ્જનોની સાથે જોડાવવામાં આવેલા સંબંધનું પરિણામ, કદિ દુઃખદાયક થઈ પડતું નથી. સજ્જનોનો મૂળ સ્વભાવ હંમેશાં જેવોને તેવોજ કાયમ રહેતો હોવાથી દુર્જનોની પેઠે તેઓ કદિ વિનાકારણ ઘડીકમાં ગુસ્સે અને ઘડીકમાં રાજી થઈ જતા નથી. તેમનામાં વિવેકબુદ્ધિ તેમજ દૃઢતા હોવાથી, તેમની સાથે કામ પાડવાથી દુઃખી થવાનો વખત આવતો નથી. તેથીજ સજ્જનનો આશ્રય

કરવાનો બોધ કરેલો છે. કુસંગનાં પરિણામ બહુ માઠાં નીપજે છે, માટે કહ્યું છે કે, મૂર્ખ મિત્ર કરતાં દાનો દુશ્મન હજાર દરજ્જે બહેતર છે'.

(૧૦૨) (૬; ૬૨)

શેઠનો હુકમ છુટી, કાંઇક કામ સોંપાય છે ત્યારેજ વફાદાર નોકરના જીવને ટાઢક થાય છે. મતલબ કે એવા વફાદાર નોકરની હંમેશાં પોતાનાં માલિકની સેવા કરવાનીજ ખરી દાનત હોવાથી તેને કામધંધા વગર, નવરા બેસી રહી શેઠનો પગાર હરામનો ખાયાં કરવો પસંદ નથી.

(સપ્તમ સર્ગ)

(૧૦૩) (૭; ૭૬)

કામ કાઢી લેવાની ગત જાણનારા નોકરો (સેવકો) વખત વિચારી, યોગ્ય સમય પરજ પોતાના માલિકની કને જતા હોવાથી, તેમની માંગણીનો અવશ્ય સ્વીકારજ થાય છે, અને તેમની મનકામના તેથી કદિ નિષ્ફળ જતી નથી.

(અષ્ટમ સર્ગ)

(૧૦૪) (૮; ૫૭)

ઓછાં પાત્ર (અવિવેકી નીચ મનુષ્ય)ના હાથમાં અધિકારની સત્તા આવી, એટલે તે અવશ્ય વિવેકને વિસારી

કઇ, ઉંચ, નીચ, ભલા કે ભુડાં વગેરેનો તફાવત ગણ્યા વગર, સર્વની સાથે મનમાની સ્વચ્છંદી રીતેજ વર્તવાનો. આ પ્રસંગમાં કવિશ્રી દલપતરામની નીચેની કડીઓ બેશક જાણવાજોગ થઈ પડયો.

"પુરી એક અંધેરીને ગંડુ રાજા,
ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં."

મતલબ કે એવા અવિવેકીની નજરમાં ગોળ અને ખોળ (સુંદર અને કઢરૂપું) સઘળું એકજ હોવાથી, બધાને તે એકજ લાકડીએજ હાંકશે.

(૧૦૫) (૮; ૬૫)

સમયના દોષને લીધે, અર્થાત્ અમુક સમય પર અમુક પ્રકારના ખાસ સંજોગોને લીધે, ઉત્પન્ન થયલો વિકાર (ક્રોધ વગેરે ફેરફાર) સરલ સ્વભાવના સજ્જનોમાં માત્ર તેટલીજ ક્ષણભર રહેતો હોવાથી, એવો ક્ષણિક વિકાર તેમનામાં કદિ ઘર ઘાલી બેસતો નથી. અર્થાત્ જેવો એકાએક ઉત્પન્ન થવા પામ્યો, તેવોજ અનાયાસે આપોઆપોજ ચાલ્યો જવાનો. અહિં કવિ એમ કહેવા માગે છે કે મોટા ઠરેલ માણસોનો સ્વભાવ હંમેશાં શાંન્તજ રહે છે. કોઈ ખાસ કારણ લીધે, કોઇ પ્રસંગે તેમને કદાચ ક્રોધ ચઢે છે ખરો, પરન્તુ તરતજ, દૂધના ઉભરાની પેઠે, થોડી

વારમાંજ, તે શમી જતો હોવાથી, એવા મહાત્માઓનો ક્રોધ ઝાઝો વખત કદિ ટકી શકે તેમ નથી.

(૧૦૬) (૮; ૬૬)

ઉંચાને માથે ચાંદની આવી રહેલી છે; રાત્રિનો અંધકાર નીચે છવાઇ રહ્યો છે; આ ઉપરથી, સમજી શકાય છે કે વિધાતા(સૃષ્ટિના સરજનહારે)એ, ગુણ અને દોષની ગતિ, તેની લાયકાતના પ્રમાણમાંજ રાખેલી હોવી જોઇએ. સુભાષિત પણ આજ આશયથી કહે છે કે, ગુણવાન અને ગુણરહિત, એ બન્નેની વચ્ચે જે મોટો ફરક (તફાવત) છે તે આપણને સ્પષ્ટ જણાય આવે છે. સોનાનો હાર કિંમતી હોવાથી કંઠમાં (ગળામાં) જઇને બેઠો છે; ઝાંઝર તેવાં કિંમતી નહિ હોવાથી તેને પગ ઉપર સ્થાન મળ્યું છે.

(દશમ સર્ગ)

(૧૦૭) (૧૦; ૭)

પોતાનાં વખાણ કોને ગમતાં નથી? મતલબ કે સૌ કોઇ પોતાનાં વખાણ સાંભળીને ખુશ થાય છે. લોકોમાં સામાન્ય કહેવત થઈ પડી છે કે, “પ્રશંસા પરમેશ્વરને પણ પ્રિય હોય છે.”

(૧૦૮) (૧૦; ૨૪)

અવશ્ય કરવા લાયક ફરજીયાત કામમાં સ્ફુર્તિ વાપરી; તાકીદ કર્યાથી, જરૂર ફતેહ મળે છે. અર્થાત્ પોતાને જે કામ કર્યા વિના ચાલે તેમ હોયજ નહિ, એવા ફરજીયાત કામમાં, કંટાળી જઇ ઢીલ કરી તે કામ મુલતવી રાખવાને બદલે, ગમે તેટલું તે મુશ્કેલ હોય, તો પણ ચીવટાઇથી, અને ખંતથી તે કામ પૂરૂં થતાં સુધી, તેમાં રાતદિવસ મંડયા રહેવાથી, જરૂર તે કામ સફળ થઇ મહેનતનો યોગ્ય બદલો મળે છે. રઘુવંશમાં પણ કહ્યું છે કે, કોઇ કામમાં કાંઇ પણ ખલલ પડવા દીધા વિના, તે કામ પૂરૂં થતાં સુધી લાગલગાટ ચાલુ રાખવું, એ તે કાર્ય પાર પાડવાનું ખાસ લક્ષણ છે. કાર્યસિદ્ધિની એ ખાસ કુંચી હોવાથી, ફરજીયાત કામમાં કદિ કોઇએ કાયર બની, પ્રમાદ સેવવો નહીં જોઇએ.

(એકાદશ સર્ગ)

(૧૦૯) (૨૨; ૨૨)

રત્નની ખાણ અર્થાત્ સમુદ્ર તેમાં રત્ન પેદા થઇ શકે. મતલબ કે રત્નોનું સમુદ્રમાં હોવું એ બધી રીતે બની શકે તેવુંજ છે. તાત્પર્ય એ છે કે, સારામાં સારી જગમાંથી, ઉત્તમ વસ્તુ મળી આવે, એ બનવા જોગ છે, તેમાં આશ્ચર્ય પામવા સરખું કાંઇ નથી.

(દ્વાદશ સર્ગ

(૧૧૦) (૨૨; ૩૧)

માલિક રાજી થયે કોને આનંદ નહિ થાય ? માલિક (શેઠ અગર પરમેશ્વર) ને રાજી કરવો એ સેવકનો ખાસ ધર્મ છે. તેથી માલિકને પોતાના ઉપર પ્રસન્ન થયલો જોવાનું સર્વ કોઈને સહજ મન થાય છે. હવે જ્યારે માલિક પોતેજ નોકર ઉપર રાજી થયો હશે, તો પછી કયા નોકરના જીવને ખરેખરો આનંદ નહિ થાય ? મતલબ કે માલિક, (ધણી) પોતાના ઉપર ખુશ થવાથી (રીઝવાથી) હરેક નોકર પોતાને કૃતકૃત્ય (ન્યાલ) થયલોજ સમજશે.

(૧૧૧) (૨૨; ૫૮)

પોતાની ઇચ્છા પાર પડવાથી, કોનું હૃદય, આનંદથી ઉભરાઇ જતું નથી ? પોતાનું ધાર્યું થવાથી, સૌ કોઇનો જીવ રાજી થયા વિના રહેતો નથી. કેમકે મનુષ્ય માત્ર પોતાની મતલબ પાર પાડવા જીવનાં જોખમે પણ રાતદિવસ મહેનત કર્યા કરે છે. તેથી કરીને પોતાની મનકામના સફળ થવાથી, સૌ કોઈ સમજે છે કે મારી મહેનત સાર્થક થઈ, ઉગી નીકળી, અગાઉનો સર્વ થાક તથા ત્રાસ (શ્રમ) દૂર થઇ તેને ઠેકાણે કેવળ એકલો આનંદ આનંદજ થઇ રહે છે.

(પંચદશ સર્ગ)

(૧૧૨) (૨૫; ૨૧)

દુરાગ્રહ (ખોટા મમતથી) અંધ બની રહેલાં મન ઉપર, મહાપુરુષોના શીખામણના શબ્દોની કદિ અસર થતી નહિ હોવાથી તેવા આપમતીયા માણસને એવાં હિતનાં વચનો નકામાંજ છે. જીદ્દી માણસ કોઇનું કદિ સાંભળશેજ નહિ. તે તો પોતાનુંજ ધાર્યું સ્વચ્છંદપણે કર્યા કરશે. મૂર્ખને કરેલો ઉપદેશ નિરર્થક (નકામો)જ મનાય છે; કારણ કે તેથી ઉલટો તે તો ગુસ્સે થાય, શાન્ત થતો નથી. કોયલાને ગમે તેટલો ધોવા છતાં, તે જેમ ઉજળો (મેલવિનાનો) થતો નથી, તેજ પ્રમાણે સજ્જનની શીખામણથી મૂર્ખના મનનો મેલ કદિ જતો રહેવાનો નથી.

(મેઘદૂત).

(પૂર્વમેઘ) (શ્લોક, ૬)

(૧૧૩)

પ્રાર્થના (અર્થાત્ માંગણી કે યાચના) પોતાના કરતાં ગુણમાં ચઢિયાતા એટલે શ્રેષ્ઠ મનુષ્યની આગળ કરવામાં આવેલી હોવા છતાં, નિષ્ફળ થઈ હોય, તો તે, પરિણામે હાનિકારક નીવડતી નહિં હોવાથી, સારીજ સમજવી; પરન્તુ

સફળ થયલી, નીચ જનને કરેલી પ્રાર્થના (પરિણામે દુઃખ-રૂપ નીવડતી હોવાથી) નકામીજ જાણવી.

અહિં તાત્પર્ય એ છે કે ઉત્તમ પુરુષથી કદાચ આપણું કામ નહિ થઇ શકશે, તોય તે પોતાને કરવામાં આવેલી પ્રાર્થનાનો તિરસ્કાર કરી યાચકની પાછળથી હાંસી કે ફજેતી તો નહિજ કરશે પરન્તુ નીચ મનુષ્ય, કદાચ મનમાં આવશે તો માંગણીનો સ્વીકાર કરશે ખરો, પરન્તુ પોતે કરેલા પરાક્રમની પ્રશંસા, સો ઠેકાણે, સ્વમુખે, કર્યાં કરી જયાંત્યાં કહેતો ફરશે કે, અમુકઅમુક માણસના ઉપર, અમુકઅમુક પ્રકારનો મારા તરફથી ઉપકાર થયો છે, જેથી ઉપકૃત થયલા યાચકોને હંમેશને માટે, બધી જગોએ, શરમિન્દાજ થયાં કરવું પડશે.

(૧૧૪) (૨૭)

પોતાના ઉપર, એક વખત જેનો ઉપકાર થયો છે એવા ઉપકારી (ઉપકાર કરનાર) મિત્રને, જયારે કોઈ પણ પ્રકારના આશ્રય કે સહાયની જરૂર પડે છે, ત્યારે તેણે અગાઉ પોતાના ઉપર કરેલા ઉપકારને યાદ આણી, ક્ષુદ્ર મિત્ર અર્થાત્ હલકા દરજજાનો દોસ્ત પણ, તેની આગળ મ્હોં મરડી બેસતો નથી. તો પછી ઉચ્ચ કોટિના (ઉંચા દરજ્જાના) મિત્રોનું તેવા પ્રસંગે, કેવું વર્તન હોવું જોઈએ તે તો સૌ કોઈ સહજ સમજી શકે તેમ છે.

(૧૧૫) (૨૯)

મોટા માણસના ઉપર જો કાંઈ ઉપકાર કરશો તો, તે ઉપકારનો અંકુર (ફણગો) તેમના સદ્‌ભાવ (સજ્જનતા)ના જળવડે, સિંચાઈ, થોડી વારમાંજ ઉત્તમ ફળ આપ્યા વિના રહેશે નહિ. સજ્જન હંમેશાં પોતાના પર કરવામાં આવેલા ઉપકારની સારી કદર કરી શકે છે.

(૧૧૬) (૨૦)

અંદરથી જે અધુરા અગર ખાલી હોય છે, તેજ હલકા (સત્વવિનાના) નીકળે છે, પરંતુ જે પૂર્ણ (પૂરા ભરેલા) હોય છે, તે હંમેશાં ભારે (ગૌરવશાલી તેમજ પ્રતિષ્ઠિત) જોવામાં આવે છે.

ગુજરાતી ભાષામાં એને સારૂ કહેવત છે કે, "અધુરો ઘડો છલકાય ભારે." ઇંગ્રેજીમાં પણ કહેવત છે કે, "Empty vessels make most sound." એ સંબંધમાં સુભાષિત પણ કહે છે કે ઉત્તમ મનુષ્ય કદિ હદથી ઝાઝું બોલતો નથી; અધમ માણસ હંમેશાં બહુ બકવાટ (લવારો) કર્યાં કરે છે. કાંસાના વાસણનો જેટલો અવાજ થાય છે, તેટલો સોનાના વાસણનો કદિ ખખડાટ થતો નથી. ભર્તૃહરિ પોતાનાં નીતિશતકમાં એવા સત્વરહિત ઉછાંછળા ગર્વાન્ધ માણસોનું નીચે પ્રમાણે બહુ અરસ કારક વર્ણન કરે છેઃ—

જ્યારે હું સહેજસાજ કાંઈક કાંઈક જાણતો હતો ત્યારે હું હાથીના જેવા મદગર્વથી છલકાઈ ગયો હતો. અને તે વખતે હું મારી જાતને સર્વજ્ઞ (બધું જાણનારો) સમજતો હતો. પરંતુ જ્યારે વિદ્વાનોની પાસેથી મને કાંઈક ખરો બોધ (જ્ઞાન) મળ્યો, ત્યારે મારો અજ્ઞાણિનો ગર્વ (અહંકાર) રૂપી જવર દૂર થઈ જઈ, મને એમજ લાગ્યું કે હું તો મૂર્ખજ છું, કાંઈજ મેં હજુ બરાબર જાણ્યું નથી. હિન્દીમાં એને માટે કહેવાય છે કેઃ—

“બડા બડાઈ ના કરે, ઓર બડા ન બોલે બોલ;
હીરા મુખસે ડહ્યું કહે, લાખ હમારા મોલ.”

(૧૧૭) (૩૯)

મિત્રને એક વખત આશા આપી, તેનું કોઈ કામ કરી આપવાનો વાંયદો, કર્યા પછી, કોઈને પણ તેમાં ઢીલ કરવાનું મન થશે નહિ. મિત્રનું કામ વગર કહે કરી આપે તે સાચો મિત્ર કહેવાય છે. માટે એક વખત આશા આપી હોય તો પછી સુસ્તી કેમ રાખીજ શકાય? અંગ્રેજીમાં કહેવત છે કે, “A friend in need is a friend indeed” જરૂર પડે જે માથું આપે તેજ સાચો મિત્ર છે.

સારા માણુસો શરણે આવેલાનું દુઃખ દૂર કરવામાંજ પોતાની સંપત્તિ અગર વૈભવની સફળતા સમજે છે. કુમારસંભવમા પાછળ કહ્યું છે કે ઓછું પાત્ર પણ જો

એક વખત શરણે આવ્યો હશે તો સજ્જન, લાયક માણુ-સ તો તેનો લાયક અને સુપાત્રના જેવોજ આદરસત્કાર કરશે. મતલબ કે સજ્જનો હંમેશાં શરણુ વત્સલ હોઇ, શરણે આવેલા નિબલનું અવશ્ય રક્ષણુ કર્યા વિના રહેતા નથી.

(૧૧૯) (૫૫)

કામ કરતાં પહેલાં તેના પરિણામનો પ્રથમથી વિચાર કરવાની વિવેકબુદ્ધિને વિસારી દઈ, કોઇ કામ વગર વિચારે કરવાથી, આપણો મનોરથ (ધારેલું કામ) તો પાર પડતોજ નથી, પરન્તુ લાચારીથી આપણે નાસીપાસ થઇ શરમિન્દા બનવું પડે છે. ભર્તુહરિએ પણ કહ્યું છે કે વગર વિચારે, એકદમ કરવામાં આવેલું કામ પરિણામે માણસના હૃદયમાં કાંટાની માફક રોજ ખુંચ્યાં કરે છે.

(ઉત્તરમેઘ)

(૧૨૦)

સૂર્ય અસ્ત પામ્યા પછી, કમળના ફુલથી, પોતાની મૂળની અસલી શોભા ટકાવી નથી રાખી શકાતી. મતલબ એ છે કે, માલિક ગયા બાદ, તેની દોલત દેખરેખ નહિં રહેવાથી, ખેદાનમેદાન થઇ જાય છે.

(૧૨૧)

જેમનું અંતઃકરણ કુમળું છે એવા પોચા હૃદયના માણસો હંમેશા પુરેપૂરી દયા રાખનારાજ હોય છે. કેમકે ઘાતકી માણસનું અન્તઃકરણ વજ્ર જેવુંજ કઠણ રહેતુ હોવાથી, તે કદિ કોઈના દુઃખથી પીગળશે નહિ.

(૧૨૨)

સંસારમાં સદા સુખી કે દુઃખી અવસ્થામાં જીંદગી ભર કોઇજ નથી રહેતું. મનુષ્યની દશાની ગતિ, ગાડીના પૈડાંની પેઠે, કદિ ઉંચે ચઢે છે અર્થાત્ ઉંચો દરજ્જો મેળવી જાહોજલાલી ભોગવે છે, તો કોઇ દહાડો પાછી તે નીચે પણ ઉતરી પડે છે, અર્થાત્ પડતીના દિવસ પ તેને આવે છે.

સુખ દુઃખ ગાડાંનાં પૈડાંની પેઠે, ઉપર તળે ? કરતાં હોવાથી, કોઇ વખત સુખ ભોગવવા મનુષ્ય ભા ર શાળી બને છે; અને કોઇ વખત તેને દુઃખ પણ વેઠવુ પડે છેજ. એ બેમાંથી એક પણ નિત્ય નહિ હોવાથી સુખમાં કદિ છલકાઈ નહિ જવું તેમજ દુઃખથી ભાન ભૂલી ક્લેશ પણ રોજ નહિ કર્યાં કરવો.